**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/—** આજીવન **૨૫૧**/—
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/—**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ‘અધ્યાત્મ’ પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૪૭૧૨૩૦, ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ—ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- ‘અધ્યાત્મ’ અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પારના પ્રદેશની પૂર્વ તૈયારીનો પત્ર | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| ધન્ય જીવન ધન્ય વિદાય | શ્રી સુશીલાબહેન ભક્ત | ૮ |
| “તું જા, હું આવું છું.” | મા શ્રી સર્વેશ્વરી | ૧૦ |
| સંન્યાસતત્ત્વ | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૪ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૨૦ |
| ઓમકારનો અર્થ | યોગેશ્વરજી | ૨૬ |
| સ્વામી રામદાસની સ્વિટ્ઝર્લેન્ડની યાત્રા | સ્વામી રામદાસ | ૩૧ |
| શ્રી સુરેશભાઈને સ્મરણાંજલિ | નારાયણ હ. જાની | ૩૯ |
| પૂ. શ્રી માની સંનિધિમાં— પ્રગટાવ્યું નવલું પ્રભાત | ડો. બી. જે જાગાણી | ૪૨ |
| Youth Speeches | Dollyben | ૪૭ |
| કઠ ઉપનિષદ | યોગેશ્વરજી | ૫૨ |
| संतुष्टो येन केनचित् | નારાયણ હ.જાની | ૫૮ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# પારના પ્રદેશની પૂર્વ તૈયારીનો પત્ર

નોંધઃ—શ્રી સુરેશભાઇ શાહનો આ પત્ર પ્રેરણાની પગદંડી સમો છે. એ પત્ર પાંચ માસ પહેલા જ લખાયો હતો પત્રમાં નિતરતું સત્ય પાંચ મહિનામાં જ મૃત્યુના શણગાર સજીને સામે મળ્યું છે.

ચાલો વાંચીએ એમનો એ પત્ર જેમાં પારના પ્રદેશની પરખ પાથરાયેલી છે. **—મા સર્વેશ્વરી**

પૃથ્વીપટેથી વિદાય લેવાની કેવી સરસ માનસિક તૈયારી. હે સુરેશભાઇ! આપની જાગૃતિ, અલિપ્તતા જાણે એક ગૃહસ્થયોગી જેવી લાગે છે. છેલ્લા ઘણા સમયથી તમે ઘરમાં પણ મૌન રહીને, સર્વદિશાના સર્વતારને સંકેલતા સંકેલતા જનસમાજની વચ્ચે છતાં એકાંતપ્રિય સાધક જેવી અવસ્થામાં તમે તમારી રીતે જીવી રહ્યા છો. તે જ વાત પત્રમાં પણ વ્યક્ત થઇ છે.

તમારો પત્ર જાણે અનેકને પ્રેરણા ધરે તેવો છે. તમે વારસામાં અધ્યાત્મ ને સંતને આપી રહ્યા છો. સાથે વળી સેવાની શીખ પણ સરસ રીતે ધરી રહ્યા છો. જાણે તમે સાચા સત્સંગી તરીકે સાત્ત્વિક સંપત્તિ સંતોને ધરી રહ્યા છો.

તમારા પત્ર ઉપરથી લાગે છે કે તમને આવતી કાલે વિદાય દિન છે એનું ચોક્કસ ભાન હતું છતાં પૂર્ણસ્વસ્થ, નિર્લેપ, સ્થિર, શાંત, મૌનની અવસ્થા તમારી સુરક્ષિત રહી છે.

ભય કે ગભરાટ, આંસુ કે વેદના જાણે બધાથી જ ઉપર ઊઠી ગયા છો એવું પત્ર ઉપરથી લાગે છે.

આપની સત્સંગ સંપત ઘણી મોટી છે તો જ તમે જાણે સ્થિતપ્રજ્ઞની જેમ રહી શક્યા.



**નોંધઃ—પારના પ્રદેશની પૂર્વ તૈયારીનો પત્ર**

**ૐ યોગેશ્વરાય નમઃ**

**ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ**

તા.૨૪–૦૮–૧૦ મંગળવાર

સવારે–૧૦ (રક્ષાબંધન)

**શબ્દો અને ભાવોની અંતિમયાત્રા**

આવતી કાલે તા.૨૫–૦૮ ને બુધવારે મારો એન્જીયોગ્રામ ટેસ્ટ છે. મનમાં દ્વિધા છે કે કદાચ ના મળાય! તમને સૌને ફરીથી પ્રેમપૂર્વક ના જોઇ શકાય!

તમારા સૌની સાથે ઋણાનુબંધ પ્રમાણે જીવનનાં ૭૨ વર્ષ વીતાવ્યાં. તમે સૌ ક્રમ પ્રમાણે મને જીવનમાં મળ્યાં. તમને સૌને સુખી રાખવાના મારી શક્તિ, સમજણ અને સંજોગો પ્રમાણે મેં પ્રામાણિક પ્રયત્નો કર્યા. કાંઇ ઓછું લાગ્યું હોય, તો મોટું મન રાખી મને ક્ષમા કરશો—માફ કરશો.

તમે સૌ પરિવારના મોભા પ્રમાણે જીવજો. સાચા હૃદયથી સમજવા પ્રયત્ન કરજો. સંપ, સહકાર અને શાંતિ તથા સમજણથી કામ લેજો. લોહીના સંબંધો પાણીના ભાવે ના બગાડશો. મોટું મન રાખજો. વિશાળ વિચારો અને ચિંતનશીલ બનજો.

મને માતાપિતા તરફથી વારસામાં શ્રી યોગેશ્વરજી તથા પૂ.શ્રી મા મળ્યાં. તમને હું વારસામાં પૂ.શ્રી“મા” આપું છું. અંતિમ શ્વાસ સુધી તેમની સેવા—સુશ્રુષા કરજો અને તેમના આશીર્વાદથી તમારા સૌનાં જીવન ધન્ય—કૃતકૃત્ય બનાવજો.

મારી કોઇ ઇચ્છા નથી. મૃત્યુ એ નવજીવનની શરૂઆત છે માટે શોક કરશો નહીં.

“પૂ.શ્રીમાને સષ્ટાંગ પ્રણામ.”

**લિ. આપ્તજનના જયશ્રીકૃષ્ણ**

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૩ માર્ચ–૨૦૧૧ અંક ૬**

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–૮૬, કોટયર્કનગર, રાંદેરરોડ, સુરત.**

**તા.૧૨/૩/૮૨ શુક્રવાર**

સવારે પૂ.શ્રી નિત્યક્રમમાંથી નિવૃત થઇ લેખનકાર્ય માટે બેસી જાય છે. ગઇ રાતે સર્વેશ્વરીને દશ જેટલી ચોપાઇનો અનુવાદ લખાવ્યો, જેનું સર્વેશ્વરી પણ લખાણ કરી લે છે.

સાડા અગિયાર વાગ્યે ભોજન આવી ગયું. પૂ.શ્રીએ દરરોજ જેમ દૂધ જ લીધું સાથે કેરી ને કેળું લીધું. સર્વેશ્વરીએ ભોજન લીધું. પૂ.શ્રી પોતે દર્દી છે. એમ માની સર્વેશ્વરી પૂ.શ્રીની સૂચના મુજબ ભોજન લે છે.

બાર વાગ્યા. આજે મુલાકાતીઓ દરરોજ જેટલા જ હતા. સૌ આવીને પ્રણામ કરે છે.

શરૂઆતમાં થોડી રાજકારણની વાતો શરૂ થઇ. પૂ.શ્રીએ કહ્યું કોઇને કંઇ પૂછવું હોય તો પૂછો. એટલે પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન :** ૐકારને જપવાની કોઇ વિશેષ રીત ખરી?



**પૂ.શ્રી :** વિશેષ રીત તો કોઇ નથી. શ્વાસેશ્વાસે જપો. શ્વાસને રોકીને જપો. અથવા જપને બોલો તે કરતાં વાંચો. મનની આંખે સામે ૐ લખ્યો છે એ રીતે વાંચો તો મન સ્થિર થઇ જશે.

**પ્રશ્ન :** આ યુગમાં ચારે તરફ અંધકાર છે. પ્રકાશ માટે શું કરવું?

**પૂ.શ્રી :** અંધકાર દૂર કરવા મીણબત્તી રાખીએ. દિવાસળી હોય એટલે કામ આગળ ચાલે. કોડિયાં તો અદશ્ય થયાં છે. ફાનસ ને બેટરીથી પણ અંધકારનો પ્રતિકાર થાય. અંધકાર દૂર કરવાના આ બધાં સાધનો છે. જીવનમાં જો અંધકાર હોય તો પ્રભુની પ્રાર્થના, સ્મરણ કરો, પ્રકાશ થશે. સંતોનું સાંનિધ્ય મેળવો. સારાં પુસ્તકો વાંચો ને વિચારો. તેમાંથી પ્રકાશ પ્રાપ્તિ થશે. સાધનો આપણે જ અપનાવવાં પડે એટલે અંધકાર દૂર થાય.

**પ્રશ્ન :** જપ કોઇ સંત દ્વારા લઇએ તો જ ફળે. હું જપ કરું છું. પણ તે કોઇ પાસે લીધો નથી.

**પૂ.શ્રી :** એ તો તમારી શ્રદ્ધાનો વિષય છે. એક વાત મનમાં બેસી ગઇ હોય કે સંત દ્વારા લીધો નથી તો અસંતોષ રહ્યાં જ કરે. જે જપ કરીએ છીએ તે પ્રભુએ જ આપ્યો છે. એવો વિશ્વાસ રાખીને જપો તો કોઇ અસંતોષ રહેતો જ નથી. પ્રારબ્ધ આપણું એવું હોય તો અંતરાયો આવે, પણ તે જપ કરવાથી નથી આવતાં.

**પ્રશ્ન :** જપ કરીએ પણ ગણત્રીમાં રસ નથી!

**પૂ.શ્રી :** સમયનું માપ રાખો અથવા માળાથી જપ કરો.

તમે જે મંત્ર જપો છો તે લખી આપો તમને કોઇ સંત પાસેથી લેવાથી તે મંત્રમાં શ્રદ્ધા આવતી હોય તો તેમ કરો.

તે ભાઇ મંત્ર લખી આપે છે. પૂ.શ્રી તે મંત્ર સાથે ૐ લગાડી આપે છે.

**પ્રશ્ન :** ધ્યાન ક્યા કરવું? આજ્ઞા ચક્રમાં કે હૃદય પ્રદેશમાં?

**પૂ.શ્રી :** આજ્ઞાચક્રમાં જ કરો. હૃદયની ઊર્મિને બહુ જગાડવાની જરૂર નથી.

**પ્રશ્ન:**આપના પૂર્વ જન્મના કોઇ સંસ્મરણો કહેશો?

**પૂ.શ્રી :** મને એ જન્મનું કશું યાદ જ આવતું નથી. અરે, આ જન્મના જ ઘણા પ્રસંગો ભૂલી જવાય છે ને! આ જન્મની બાળપણની ખાસ કોઇ વાતો જ યાદ આવતી નથી. એકવાત યાદ છે. પિતાજીનો સ્વર્ગવાસ થયો ને માતાજીએ ઉમરા ઉપર માથુ પછાડી બંગડી ફોડી નાંખેલી તે.

બાકી બધી ઘડીઓ ઉકેલીને શું કરવું છે?

એક બેન પૂ.શ્રીને પોતાની વાતો કરતાં કહે છે. અમેરિકા છોકરી બોલાવે છે પણ અહીં પણ જવાબદારી છે ને ત્યાં જઇએ તો આખો દિવસ એકલા પડી જવાય.

**પ્રશ્ન :** ત્યાં તો મંદિરો હોય ત્યાં પણ કોઇ લઇ જનાર જોઇએ ને? બાકી તો માનવના હાલતાં ચાલતાં મંદિરો ઘણાં છે. અંદર બેઠેલો આ દેવનો દેવ. આપણને તે જોતા આવડતું નથી ને.

અને જવાબદારી હોય ત્યાં સુધી જવું યોગ્ય પણ નહીં ને. અમારે પણ માતાજીની માંદગી આવી એટલે ન જવાયું. માતાજીની માંદગીની વિગતવાર વાતો પૂ.શ્રીએ કરી, કહ્યું: સાંસારિક ફરજો નિભાવવી એ જ ભક્તિ છે.

પ્રશ્નોત્તરી બાદ સૌ વિદાય થયા. પૂ.શ્રીએ થોડો આરામ કરી સાંજે રામાયણ લેખન કર્યું.

દરરોજની જેમ પ્રવચન થયું. પ્રવચન બાદ આજે સર્વેશ્વરી ત્રીજો વાર્તાલાપ આપે છે.

પ્રવચન બાદ સૌની વિદાય લઇ ઉતારા ઉપર આવી ગયા.

**(ક્રમશ:)**



**ૐ યોગેશ્વરાય નમઃ** **ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ**

# ધન્ય જીવન, ધન્ય વિદાય.

**શ્રી સુશીલાબહેન ભક્ત**

શ્રી સુરેશભાઇ એક માત્ર એન્જિનીયર જ નહીં પરંતુ તેઓ એક સાહિત્યકાર, લેખક, કુશળ નાટ્યકાર પણ હતા અને સહુથી વધુ તેઓ પૂ.શ્રી પ્રભુના પ્યારા સાધક અનુયાયી હતા.

દરેક માણસના જીવનની બે બાજુ હોય છે. પણ માણસ જ્યારે સ્વર્ગસ્થ થઇ જાય, ત્યારે તેનાં સદ્‌ગુણોની જ વાતો કરવાની હોય છે.

તેઓનો જન્મ અને બાળપણ પણ ધન્ય છે, કારણ કે પિતાજી સાથે તેઓ દૂધની લોટી લઇ સાબરમતીમાં પૂ.પ્રભુના પાસે પહોંચતા, ત્યારથી અંતિમ શ્વાસ સુધી એ આંગળી પકડી રાખી, તે દૃશ્ય સતત આજે પણ નજર સમક્ષ ખડું થાય છે.

એમનું જીવન આદર્શ પ્રેરણારૂપ હતું. ૧૯૯૧માં અમારી એમની સાથેની પહેલી ઓળખ થઇ. ઘરમાં માંદગી હતી તેના ઇલાજ માટે જ તેઓ કેનેડા ગયા હતા. ત્યારે મેં તેમને નજીકથી ઓળખ્યા. ત્યારપછી અમારે અવાર નવાર મળવાનું થતું, પણ ફોન પર પણ સત્સંગ થતો રહેતો. તેમાં એમનાં વિશેષ વાંચનનો પડઘો પડતો. તેઓ કંઇક લખે, તે વાંચે કે કદીક ગાય પણ ખરા. મારી પાસે કંઇ ગાવાનું હોય તો હું પણ ગાઇ સંભળાવતી. એ રીતે તેઓ મારાથી નાના હતા, છતાં તેઓ એક વડીલ સાહિત્યપ્રેમી ભાઇનું સ્થાન પામી શક્યા હતા.

તેઓ દરેક નાની બાબતોમાં ખૂબ ચોક્કસ હતા તો શિસ્તના અતિ આગ્રહી પણ, ગુણગાહીપણું તેમના સ્વભાવમાં હતું. કેનેડાનાં ધ્યાનકેન્દ્રના દશાબ્દી મહોત્સવમાં અનેક આનાકાની

છતાં તેઓએ મારી પાસે જ ''જનગણમન''.... રાષ્ટ્રગીત ગવડાવ્યું જ.

તેઓ પૂ.શ્રીના સેવક એવા ભદ્રપુરુષ હતા. પૂ.ગુરુદેવ પ્રભુની જેમ જ પૂ.શ્રી માને પણ એટલા જ પૂજ્ય ભાવે પ્રેમપૂર્વક સન્મન્યાં ને સ્વીકાર્યાં. જીવનભર તેઓનો એજ પૂજ્યભાવ અને એ જ નમ્રતા ટકી રહ્યાં. અંતિમ શ્વાસ સુધી નિષ્ઠાને સુરક્ષિત રાખી શ્રદ્ધાપૂર્વક સન્માની શક્યા હતા અને એ જ બાળપણથી પકડી રાખેલી આંગળીની પકડ પણ મજબૂત રાખી શક્યા હતા. એ રીતે એમનું જીવન પણ ધન્ય થઇ ગયું. પ્રભુને સમર્પિત થઇ ગયા.

આ પવિત્ર હરિદ્વારમાં હરિને શરણે ગંગાજીનાં ઘાટ પરથી એમનાં અસ્થિ વિસર્જન અને તે પણ પૂ.માના સાન્નિધ્યમાં આવું પવિત્ર ઉચ્ચ આદર્શ જીવન જીવનાર શ્રી સુરેશભાઇને વંદન છે.

સાબરમતીના શ્રી અંકે ગુરુદેવ પોઢ્યા તો આ સેવક ભક્તે પણ એ જ ભૂમિ, એ જ અંક પસંદ કર્યો. જાણે કે ભક્ત અને ભગવાનનું સાયુજ્ય સંમિલન વંદનીય બની ગયું.

પૂ.મામાંની તેમની શ્રદ્ધાભક્તિ જીવનના અંત સુધી એવી જ ટકી રહી, એટલું જ નહીં પણ પૂ.માની તપસ્યા ને નિર્મોહિતા જોઇ, તે ઉત્તરોત્તર વધતી જ ગઇ.

અને આ ભદ્રપુરુષનું મૃત્યુ પણ કેવું અદ્‌ભુત! વ્યક્તિને ખુદને ખબર ન પડે કે હું વિદાય લઇ રહી છું. કોઇ દુઃખ કે પીડા નહીં, ડાળી પરથી ફૂલ ખરી પડે એટલી સહજતાથી ભૌતિક શરીરનો પરિત્યાગ કરે એ કેવું ઉત્તમ! કોઇ માંદગીની પથારી નહીં કે ન કોઇની સેવા. સહજ વિદાય, સાચે જ ધન્ય વિદાય.



# ''તું જા, હું આવું છું.''

—મા શ્રી સર્વેશ્વરી

સન્માન અને સરકારી સાહેબનો મોભો છોડી કેનેડા જવું કે કેમ એ મથામણ વચ્ચે ૧૯૭૫માં શ્રી સુરેશભાઇ શાહે પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીનું માર્ગદર્શન માગ્યું.

''તું જા, હું આવું છું.''

પૂ.શ્રીના મધુર શબ્દોથી મન શાંત થયું. કેનેડા જવાની જાણે આશીર્વાદસૂચક સંમતિ મળી ગઇ. ૧૯૭૬માં સપરિવાર કેનેડા આવી પણ ગયા.

અને ૧૯૭૮ની ઓકટોબરની વહેલી સવારે ફોનની ઘંટડી રણકી.

''કોણ?''

''હરિઃ ૐ''

''પ્રભુ તમે? પ્રણામ.''

''હા, અમે લંડનથી બોલીએ છીએ. હું આવું છું.''

''પરંતુ, પ્રભુ અમારું એપાર્ટમેન્ટ ખૂબ નાનું છે.''

''સુરેશ, તારું ઘર નાનું છે, પણ મન નાનું નથી. વળી તે અમારું છે. પોતાના ઘરમાં આવવામાં શાની અગવડ?''

વાત પૂરી થઇ. પૂ.શ્રી પધારવાનો આનંદ અમે કેવી રીતે રાખીશું, તેની ચિંતા. વળી સત્સંગ કેવી રીતે રાખીશું? આપણને અહીં કોણ ઓળખે વગેરે અનેક પ્રશ્નોની મીઠી મૂંઝવણ પણ શરૂ થઇ.

અને—એક ધન્ય દિવસે સૌના આશ્ચર્ય વચ્ચે પૂ.શ્રી યોગેશ્વરજી તથા પૂ.જ્યોતિર્મયી માતા શ્રી સુરેશભાઇના દ્વારે

સામે ચાલીને પધાર્યા. સંતો જે જીવ ઉપર પૂર્ણકૃપા વરસાવવાના હોય તેને ત્યાં સામે ચાલીને જાય. ભગવાન ભક્તને ઘેર પધાર્યાનો આનંદ અદ્‌ભુત હતો.

શ્રી સુરેશભાઇની ઝૂંપડીમાં પ્રભુ પ્રેમથી વસ્યા. તે દરમ્યાન મંજુસરના મહાત્મા શ્રી મુકુટરામ મહારાજના પરિવારના બે સભ્યો શ્રી અશોકભાઇ પાઠક, શ્રી અજિતભાઇ પાઠક, શ્રી હર્ષદભાઇ તલાટી અને શ્રી સુરેશભાઇ અને એમના નાના ભાઇ શ્રી રાજુભાઇ શાહ. આ પાંચ પરિવારે પૂ.શ્રીના સત્સંગનો લાભ ટોરેન્ટોમાં લીધો. વળી પાઠકભાઇઓ સાથે પૂ.શ્રીએ કોર્નવાલ, ઓટાવા, મોન્ટ્રીયલની પણ મુલાકાત લીધી. ત્યાં શ્રી જયંતિભાઇ પટેલ, શ્રી નંદુભાઇ પટેલ વગેરે પરિચયમાં આવ્યા અને સવા મહિનો રહીને સૌને શાંતિ, પરમાનંદ ધરી સત્સંગના શ્રી ગણેશ માંડ્યા. પૂ.જ્યોતિર્મયી માતાજીની એ યાત્રા પહેલી અને છેલ્લી નીવડી.

ફરી ૧૯૮૧ માં પૂ.શ્રી સાથે અમને પણ કેનેડાની યાત્રા કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. ત્યારે તો દરરોજ પ્રવચનો. વળી ટી.વી. ઉપર અને વર્તમાનપત્રોમાં પણ પૂ.શ્રીએ સ્થાન પ્રાપ્ત કર્યું. મોન્ટ્રીયલ, કોર્નવોલ હેમીલ્ટનમાં પણ પ્રવચનો ગોઠવ્યાં. શ્રી સુરેશભાઇની મહેનત અને ભાવના ફળી.

૧૯૭૮માં શ્રી સુરેશભાઇની ઇચ્છા ધ્યાનકેન્દ્ર સ્થપાય એવી હતી, પણ પૂ.શ્રીએ હજી વાર છે એમ કહી અટકાવ્યા.

૧૯૮૧ માં ડીસેમ્બરની નાતાલમાં ગુજરાતીઓની પ્રવૃત્તિથી પૂ.શ્રી વાકેફ થયા એટલે કહ્યું, ‘‘ક્રીસ્ટમસ પાર્ટી ગોઠવી ભારતીય સંસ્કારોને ભૂલતા તમે સૌ સત્સંગનું આયોજન કરો.’’ એ વાત શ્રી સુરેશભાઇએ ઝીલી લીધી અને શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની સ્થાપના થઇ. પાંચ પરિવારથી પ્રારંભ પામેલું એ કેન્દ્ર દર મહિને એકવાર સત્સંગ ગોઠવવા લાગ્યું. ૧૫ ઓગસ્ટ, ૧૩ નવેમ્બર અને છેવટે



૧૮ માર્ચ, ગુરુ પૂર્ણિમાનાં આયોજનો થયાં. ધીરે ધીરે બાળકો પણ જોડાયાં. નાની નાની યાત્રાઓ પણ ગોઠવાઇ. ફલોરીડા યાત્રા પણ થઇ. આજે કેન્દ્રના ૩ વર્ષથી ૨૩ વર્ષ સુધીના બધા જ બાળકો, સુંદર ભજન, ધૂનો વાજીંત્રો સાથે ગાઇ શકે છે, અને સત્સંગની મજા માણે છે. કેન્દ્રે દશાબ્દી મહોત્સવ ઉજવ્યો. ત્યારે કેનેડામાં જ જન્મેલા, ઉછરેલા બાળકોના રૂપનાં પૂ.શ્રી યોગેશ્વરજી પ્રકાશના પંથેના નાટક દ્વારા રંગમંચ ઉપર પધાર્યા. ત્યારે જ પેલા ૧૯૭૫ના આશીર્વચનોની સાર્થકતા સમજાઇ.

‘‘સુરેશ તું, જા હું આવું છું.’’ અરે, બાળકાના રૂપે હું મંચ ઉપર આવું છું. મારે તો બાળકોના જીવનમાં પ્રવેશવું છે.

જાણે પૂ.શ્રીના એ જ શબ્દો ફરી ફરી શ્રી સુરેશભાઇના કર્ણપટ ઉપર આજે પણ ગૂંજ્યા કરે છે.

૧૯૪૫માં હિમાલયની યાત્રા દરમ્યાન શ્રી મોહનલાલ શાહને પૂ.શ્રીનું પ્રથમ દર્શન થયું. પિતાજીના પુણ્યપ્રતાપે ૧૯૪૭માં નાનકડા નવ વરસના સુરેશને પૂ.શ્રીનું પ્રથમ દર્શન સાબરમતીમાં થયું. પિતાજીના સત્સંગના સંસ્કારોનું બીજારોપણ બાળપણથી જ થયું. માતાજી શારદાબહેનના એ સંસ્કારોનું વટવૃક્ષ આજે જાણે સુરેશના જીવનમાં પાંગરી ઉઠ્યું.

પૂ.શ્રીએ પોતાનો વિદેશી પાર્ષદ શ્રી મોહનલાલના પરિવારમાંથી જ પસંદ કર્યો. પિતાએ સંતપરિચય આપ્યો. પુત્ર તરીકે સુરેશે એ પરિચય જાણ્યે અજાણ્યે વધાર્યો. ને પ્રગાઢ કરી, પોતાના સંતાનોને વારસામાં આપ્યો. વિદ્યાર્થીકાળથી જ ગળથૂથી જાણે શ્રી યોગેશ્વરજી નામની પીધી ને સુરેશનું ઘડતર થયું. નાનકડા એ બાળને કલ્પના પણ ન હતી કે મોટા થઇને કેનેડામાં વસીને ધ્યાનકેન્દ્ર સ્થાપીશ, ચલાવીશ, ને દશાબ્દી મહોત્સવ ઉજવીશ. પૂ.માની હાજરીમાં શ્રી મોહનલાલ જેવા સંસ્કારી પિતાના પૌત્ર શ્રી વીરલ શાહે પણ આ ઉત્સવમાં પૂ.શ્રી

યોગેશ્વરજીનો યુવાનીનો વેશ આબેહૂબ ધારણ કરી સર્વોત્તમ અભિનય શિસ્ત, નમ્રતા સાથે શુદ્ધ ગુજરાતીમાં બોલીને ભજવ્યો, ત્યારે તો સાચે જ સૌને શ્રી મોહનલાલની ત્રીજી પેઢીમાં પણ સંતસમાગમના સંસ્કારોની પ્રસેરલી સુવાસ સ્પર્શી ગઇ.

દશાબ્દી ઉત્સવની ભવ્ય ઇમારત પાછળ ભક્ત, જ્ઞાની, શ્રી સુરેશભાઇ શાહની વિશેષતાઓ પાયામાં પૂરાયેલી છે તે શી રીતે ભૂલાય?

દશ વર્ષના બાળકને ઉછેરવામાં જે જે કષ્ટો, મુશ્કેલી, મૂંઝવણો માતાને નડે એવી ઘણી ઘણી મૂંઝવણો શ્રી સુરેશભાઇને પણ નડી. પણ એ બધામાંથી પસાર થઇને કેન્દ્રને પ્રગતિના પંથે મૂકી શકાયું. એ હકીકત છે.

નિયમિતતા, શિસ્ત, વિવેક, સિદ્ધાંતનિષ્ઠા, પૂ.શ્રીમાં અનન્ય શ્રદ્ધાભક્તિ, ચારિત્ર્યનિર્માણ જેવા સદ્‌ગુણોથી શ્રી સુરેશભાઇ સૌના સાચા રાહબર બન્યા છે. પૂ.શ્રી પાસેથી મળેલો શિસ્તનો વારસો અહીં આચાર સંહિતા ઘડવામાં ઉપયોગી ઠર્યો છે.

પૂ.શ્રી જેવા સમર્થ સંત શ્રી સુરેશભાઇના આંગણે પધાર્યા, ત્યારે શ્રી વિમળાબેને પણ આદર્શધર્મપત્ની બની સર્વપ્રકારે સહયોગ પ્રદાન કર્યો.

“પૂ.શ્રીનું કામ છે, અને તે કરવાનું જ” આવી નિષ્ઠાવાન સમજ સાથે બન્ને ધર્મકાર્ય કરે. પૂ.શ્રીની હાલતી ચાલતી વીડીયો ફિલ્મ પણ શ્રી વિમળાબહેની જ હિંમત, સુઝે, ભક્તિથી જ ભક્તોને પ્રાપ્ત થઇ છે.

પૂ.શ્રીના એ ઐતિહાસિક દસ્તાવેજ માટે પૂ.મા પ્રભુનો ભક્ત પરિવાર સદાકાજ આ ભક્ત પરિવારનો ઋણી રહેશે.



# સંન્યાસતત્ત્વ

સ્વામી ચિદાનંદ સરસ્વતી

સત્સંગી—સ્વામીજી, આપ સંન્યાસ આશ્રમનાં આટલાં બધાં વખાણ કરો છો, અને તેને મુક્તિનાં દ્વારરૂપે વર્ણવો છો, તેમ જ પ્રભુના દરબારની તે તો એક ચાવી છે, અને તુરીય આત્માનો સાક્ષાત્કાર કરવાનું પ્રત્યક્ષ સાધન હોઇ, તેનું નામ જ તુર્યાશ્રમ રાખ્યું છે વગેરે વચનોથી તેની પ્રશંસા કરતાં ધરાતા જ નથી. અમને સંસારી જીવોને તો આ વાત યથાર્થ જણાતી નથી. આ વિષયમાં ભારોભાર અતિશયોક્તિ કેમ ન હોય એવો પણ વિચાર આવ્યા વગર રહેતો નથી. અમે તો સંસારી જીવ રહ્યા, અને તેથી અમારાં ચશ્માં જ એવાં કે જેથી અમારી નજર વસ્તુની કાળી બાજુ ઉપર જ પહેલાં પડે, ઊજળી બાજુ તરફ નજર જાય જ નહિ, આપ કૃપા કરીને અમને સમજાવો કે સાચી વસ્તુ શું છે અને અમારી ક્યાં ભૂલ થાય છે.

સ્વામીજી—ભાઇ, તમારું કહેવું બરાબર છે. સંસારમાં રચ્યાંપચ્યાં રહેનાર માણસોની દૃષ્ટિ આડો સર્વદા માયાનો પડદો રહે છે, એટલે તેઓ કોઇ પણ વસ્તુને તેના યથાર્થ સ્વરૂપમાં જોઇ શકતા નથી. તેમાં તમારો દોષ નથી પણ દૃષ્ટિ મલિન છે તે જ કારણ છે. કમળો થયેલાને દૂધ પણ પીળું દેખાય તેમાં માણસનો કંઇ દોષ નથી. પણ દૃષ્ટિનો દોષ છે. કમળો મટી જાય ત્યારે એની મેળે દૂધ સફેદ દેખાય.

હવે પહેલી વાત તો એ સમજવાની કે કોઇ પણ સારી વસ્તુ ખરાબ માણસોના હાથમાં આવે, તો તે વસ્તુ ગમે તેવી સારી હોય, તો પણ તે સારી રહી શકતી નથી.કારણ તેનો દુરૂપયોગ

થયા વગર રહેતો નથી. એક કારખાનાએ એક સારું ચપ્પુ બનાવ્યું. તેના ઉપયોગથી એક સર્જન માણસનો જીવ બચાવી શકે છે, અને એ જ ચપ્પુ વાંદરાના હાથમાં આવી જાય તો તેનાથી અનેક અનર્થ થઇ જાય છે. હવે વાંદરાએ જે અનર્થ કર્યો તેના સામું જોઇને ચપ્પુ બનાવનાર સંસ્થાને આપણે દોષ દઇએ કે એ જ આ સઘળા અનર્થનું મૂળ છે તો તે ખોટું કહેવાય. તેવી જ રીતે વ્યવહારમાં તમને કોઇ એવી વ્યક્તિ મળી ગઇ હોય જેના આચરણથી તમને ઘૃણા ઉત્પન્ન થઇ હોય, પણ તેથી આખી સંસ્થા જ ખરાબ છે એમ કંઇ કહેવાય નહિ.

બીજો દાખલો આજનો સામ્યવાદ. એક સંસ્થા તરીકે તેના વિશુદ્ધ સ્વરૂપમાં તે બહુ જ સારી વસ્તુ છે. આપણાં હિંદુદર્શનમાં તો બધેય આ જ વાદનું દર્શન થાય છે. તેનું સ્વરૂપ આમ છે.

**सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाक् भवेत् ॥**

એટલે કે આ સંસારમાં સર્વ પ્રાણીઓ સુખી થાઓ, સર્વે રોગરહિત થાઓ, પ્રાણીમાત્રનું કલ્યાણ થાઓ, અને કોઇનેય કશું દુઃખ ન આવો. આ છે સામ્યવાદનું શુદ્ધ સ્વરૂપ. આપણે ત્યાં તેને ત્યાગની ભાવનાથી, તેમ જ પરસ્પર સદ્ભાવનાથી અમલમાં મૂકવામાં આવે છે; જ્યારે પશ્ચિમમાં તેને દ્વેષની ભાવનાથી અમલમાં મૂકવામાં આવે છે. જેની પાસે છે તેની પાસેથી પડાવી લે. આવો પશ્ચિમનો ઉપાય છે. જ્યારે આપણે ત્યાં જેની પાસે છે તેને એમ કહે, કે તમારા ખપ પૂરતું વાપરી બીજું ઈશ્વરસેવામાં અર્પણ કરી દો. બન્નેનું ધ્યેય એક જ છે, શસ્ત્ર (સાધન) પણ એક જ છે, પણ એક તેનો સદુપયોગ કરે છે જ્યારે બીજો તેનો દુરુપયોગ કરે છે. આથી કંઇ સંસ્થા તેના શુદ્ધ સ્વરૂપમાં ખરાબ છે



એમ કહી શકાય નહિ. આવી જ રીતે સંન્યાસ આશ્રમનાં બાના તળે કોઇ યથેચ્છાચરણ કરતું હોય તો તેથી કંઇ એમ ન મનાય કે આખી સંસ્થા જ ખરાબ છે.

માટે સંન્યાસ વિશે હું જે કંઈ કહું છું તેમાં રજભાર પણ અતિશયોક્તિ નથી, એટલું જ નહિ પણ તે સોળે સોળ આના યથાર્થ છે. આથી પણ આગળ જઇને કહું તો એમ કહેવાય કે દરેક મનુષ્યને, ભલે તે સ્ત્રી હોય કે પુરુષ હોય, ગમે તે ધર્મનો હોય કે ગમે તે દેશનો હોય—તેને સંન્યાસ લેવો જ પડે છે.

સત્સંગી—સ્વામીજી, આ તો તમે ગજબ કરી. આથી તો મુક્તિ બહુ જ સોંઘી થઈ જશે, અને ગેરૂ એટલો બધો મોંઘો થઇ જશે કે ક્યાંય ગોત્યોય નહિ મળે. કારણ સંન્યાસ લેવો એટલે ચાર પૈસાના ગેરૂનો ખર્ચ. રંગ્યા વસ્ત્ર અને થઇ ગયા ભગવાં વસ્ત્રધારી સંન્યાસી.

સ્વામીજી—ભાઇ, તમારું કોકડું ક્યાં ગૂંચવાય છે તે હવે હું સમજયો. તમે ભગવાં લૂગડાંને સંન્યાસ માનો છો જ્યારે સંન્યાસ-નો અર્થ તો ઘણો ગંભીર છે. ભગવાં વસ્ત્ર તો માત્ર તે આશ્રમનાં ચિહ્ન પૂરતાં છે, તે કંઇ સંન્યાસનું સ્વરૂપ નથી. હવે સંન્યાસનો ખરો અર્થ સમજી લો, એટલે હું કહું છું તેની યથાર્થતા સમજાશે, અને ફરી આવા કુતર્ક ઊભા નહિ થાય.

ગીતા સર્વમાન્ય ગ્રંથ છે એટલે આપણે સંન્યાસનું તત્ત્વ ગીતા-માંથી જ સમજીએ તો સારું. શ્રીકૃષ્ણ પરમાત્મા ગીતામાં સ્વમુખે કહે છે કે :

**ज्ञेयः स नित्यसंन्यासी, यो न द्वेष्टि न कांक्षति ।**
**निर्द्वन्द्वो हि महाबाहो, सुखं बन्धात् प्रमुच्यते**

(અ. ૫, શ્લોક ૩)

ભગવાન કહે છે કે હે અર્જુન, જે માણસ રાગદ્વેષથી મુક્ત થઈ ગયો છે, અને તેમ થવાથી સુખદુઃખ, માનઅપમાન વગેરે તમામ દ્વંદ્વોથી છૂટી ગયો છે તેને તું સદા સાચો સંન્યાસી જાણ, અને આવો સંન્યાસી ''**सुखं बन्धात् प्रमुच्यते।**'' અર્થાત્ સુખેથી કહેતાં, કોઈ પણ જાતના પરિશ્રમ વગર બંધનમાંથી મુક્ત થઈ જાય છે, જુવો, અહીં ભગવાને સંન્યાસનું લક્ષણ પણ બતાવ્યું, અને તે મુક્તિનું દ્વાર એમ પણ કહ્યું.

વળી અઢારમા અધ્યાયમાં ભગવાન કહે છે કે :

**काम्यानां कर्मणां न्यासं, संन्यासं कवयो विदुः।**

**(ગીતા અ. ૧૮, શ્લોક ૨)**

એટલે કે ઋષિમુનિઓનું કહેવું છે કે કામ્યકર્મનો ત્યાગ એનું નામ તે સંન્યાસ. કેવી ઉત્તમ વ્યાખ્યા સૂત્રરૂપે આપી. અહીં હવે કામ્યકર્મ શું અને તે શા માટે થાય છે તે સમજવું જરૂરનું છે.

કામ્યકર્મ એટલે કામના એટલે કે ઈચ્છાને સંતોષવા માટે જે કર્મ કરાય છે તે કામ્યકર્મ કહેવાય. હવે ઈચ્છા તો પ્રાણીમાત્રને સુખ-પ્રાપ્તિની જ થાય છે, દુઃખની કોઈને થતી નથી. હવે આ સુખ ભોગવનાર કોણ તેનો વિચાર કરવો રહ્યો. આત્મા તો અસંગ છે એટલે તેમાં સુખભોગ સંભવતો નથી. એટલે હવે કામ્યકર્મનો અર્થ એટલો જ થયો કે શરીરને સુખ પહોંચાડવા માટે જે જે કર્મ થાય તે કામ્યકર્મ કહેવાય. હવે એ જોવું રહ્યું કે શરીરને સુખ શા માટે પહોંચાડવું જોઈએ? એનું કારણ એ કે લાંબા—અનંત જન્મોના—સહવાસને લીધે, શરીરમાં આસક્તિ થઈ જવાથી તેમાં મમતા બંધાઈ જાય છે, અને આ મમતાના પરિણામે પુરુષ પોતાને શરીર-રૂપ જ માની લે છે, અને આથી કરીને શરીરને સુખ પહોંચાડવા પ્રયત્ન કર્યા કરે છે.

હવે સંન્યાસ માટે યોગ્યતા પ્રાપ્ત કરવા માટે જો કામ્યકર્મનો



ત્યાગ કરવો હોય તો, પહેલું તો શરીરમાંથી આસક્તિ કાઢી નાખવી પડે, અને ત્યારબાદ દેહદેહીતા વિવેકવડે, પોતાને દેહથી જુદો પાડવો જોઈએ. અને દેહથી જુદા પાડ્યા પછી પોતાનાં આત્મસ્વરૂપમાં સ્થિર થવું જોઈએ. જ્યાંસુધી દેહમાં આસક્તિ છે, ત્યાંસુધી દેહથી જુદું પડી શકાય નહિ, અને જ્યાંસુધી દેહથી હું ભિન્ન છું એવો પાકો નિશ્ચય ન થાય, ત્યાંસુધી દેહને સુખ પહોંચાડવાની ઈચ્છા બંધ ન થાય. અને જ્યાંસુધી આવી ઈચ્છા છે ત્યાં સુધી કામ્યકર્મનો ત્યાગ નહિ જ થાય. એટલે સંન્યાસની યોગ્યતા માટે દેહથી જુદા થઈ, આત્મસ્વરૂપમાં સ્થિર થવું જોઈએ. આટલા વિવેચનથી તમે સમજી શક્યા હશો કે સંન્યાસ એટલે આત્મદર્શનથી ઓછું કંઈ જ નહિ. એટલે હવે સંન્યાસને મુક્તિનું દ્વાર કહેવું, કે આત્મ સાક્ષાત્કારનું પ્રત્યક્ષ સાધન કહેવું તેમાં કોઈ જાતની અતિશયોક્તિ નથી, પણ વસ્તુનું યથાર્થ દર્શનમાત્ર છે.

હવે ભગવાન ગીતામાં સંન્યાસનું ફળ શું બતાવે છે તે જોઈએ :

**असक्तबुद्धिः सर्वत्र, जितात्मा विगतस्पृहः।**
**नैष्कर्म्यसिद्धिं परमां, संन्यासेनाधिगच्छति॥**

**(ગીતા અ. ૧૮, શ્લોક ૪૯)**

સંન્યાસીએ બધેથી આસક્તિ હટાવી દીધી હોય છે, મન બુદ્ધિને જીતેલાં હોય છે, અને ઈચ્છામાત્રનો ત્યાગ કર્યો હોય છે તેથી તેને પરમ નૈષ્કર્મ્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે. **પરમા નૈષ્કર્મ્યસિદ્ધિ** એટલે કે કર્મ કરવા છતાં કર્તાપણાનું અભિમાન ન હોવાને લીધે, તેમ જ ફળની આશા ન હોવાથી તેને કર્મનું બંધન થતું નથી. ટૂંકમાં સંન્યાસી, પ્રારબ્ધક્ષયપર્યન્ત, શરીરથી યથાયોગ્ય વ્યવહાર, જીવન-નિર્વાહ માટે, આલોકસંગ્રહ માટે કરે છે; પણ તે વ્યવહાર

ભૂંજેલા બીની જેમ બંધનકારક થતો નથી, અને તેથી સંસારમાં જલકમલ-વત્ રહે છે. હવે તમે સમજી શક્યા હશો કે ભગવાં કપડાં કંઇ સંન્યાસનું સ્વરૂપ નથી. તે તો માત્ર બાહ્યચિન્હ છે. સંન્યાસી દેહથી છૂટો થઇ જાય છે, અને જીવતાં જ દેહને અગ્નિને સોંપી દીધો છે એવું બતાવવા માટે, આ રંગ જે અગ્નિનો રંગ છે તે રંગનાં (ગેરુઆં) કપડાં ધારણ કરે છે.

ભાઇ, હવે મેં જે કહ્યું હતું કે "દરેક મનુષ્યને સંન્યાસ લેવો જ પડે છે" તે વાત તમને સમજાવું. આપણે ઉપર સંન્યાસનો અર્થ એવો કર્યો કે શરીરમાંથી આસક્તિ કાઢી નાંખી, શરીરથી તેમ જ સંસારથી છૂટાં થઇ જવું. હવે તમે જ જુઓ કે મરવા સમયે દરેક મનુષ્યનું શું થાય છે? શરીરથી છૂટું તો જખ મારીને થવું પડે છે, છૂટું થવું ગમતું નથી પણ ધક્કો મારીને કાઢી મૂકે ત્યાં શરીર છોડ્યા વગર ચાલે પણ કેમ? આવી રીતે દરેક મનુષ્ય શરીરથી છૂટો તો થાય છે—અરે, થવું જ પડે છે,અને શરીર સાથેનો સંબંધ છૂટતાં, સંસાર સાથેનો સંબંધ પણ છૂટી જ જાય છે. પણ શરીરમાં આસક્તિ રહી જવાથી, તેને બીજું શરીર ધારણ કરવું પડે છે; અને આવી રીતે જન્મમરણનું ચક્ર ચાલ્યા જ કરે છે. ટૂંકમાં કહેવાનું કે સંન્યાસદીક્ષામાં અને સામાન્ય માણસના મૃત્યુ વચ્ચે બસ આટલો જ ફેર છે. સંન્યાસી વિવેકપુરઃસર, પોતાના શરીર તેમ જ સંસાર સાથેનો સંબંધ સ્વેચ્છાએ જીવતાં જ છોડી દે છે, જ્યારે સામાન્ય માણસને મૃત્યુ સમયે શરીર તેમ જ સંસાર અનિચ્છાએ પરાણે છોડવાં પડે છે. બંન્નેમાં ક્રિયા એક જ છે, પણ તેના ભાવમાં મહાન અંતર હોઇ તેના ફળમાં પણ મોટો ફેર પડે છે. સંન્યાસી જીવન્મુક્ત થઇ વિચરે છે જ્યારે સંસારીનું ભવાટવીમાં ભ્રમણ ચાલુ રહે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૫ પર)



# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

—મા સર્વેશ્વરી

**૨૫—૭—૦૮ સારલોટ ટાઉનથી હેલીફેક્ષ**

યાત્રાનો અંતિમદિન. હે હરિ, તારી અલૌકિક કૃપાથી યાત્રા એકંદરે સરસ, સફળ રહી. વિદ્યાર્થી જગત સાથે જીવવાની એક તક મળી.

યાત્રાને રક્ષાયેલી રાખનાર હે સર્વ સમર્થ સ્વામી, આપને અમારા સૌના લક્ષ કોટિ પ્રણામ. હે પ્રાકૃતિક સર્વ તત્ત્વો આપને અમારા સૌના લક્ષ કોટિ પ્રણામ. હે જડ ગણાતા સર્વ તત્ત્વોને, અરે, આ બસના સાધનને, બસના ચાલકને, સર્વ યાત્રીઓને, અને તેના ભોજનની ચિંતા કરનાર સર્વ સ્વજનોને, અરે આ યાત્રાની પત્રિકા તૈયાર કરનાર સેવકોને, તેના કમ્પ્યુટરને, અરે, સૌના યુનિફોર્મ જેવાં શર્ટ, ટોપી તૈયાર કરનાર ભાઇ ઉમેશને અને યાત્રાના ઓળખપત્ર બનાવનાર ભાઇ વિકાસને, અરે, આખી યાત્રાનું આયોજન કરનાર શ્રી જગનિર્મલને, અમેરિકાનાં બાળકોના બૂકીંગના કાર્યને સંભાળનાર વિનોદભાઇ, પંકજભાઇ સૌને અમારા સૌના વંદન.

પરમાત્માના પ્રતીક બની પરમાત્માની પરમ શક્તિ, સૂઝ, પ્રરેણા કૃપા, આશીર્વાદથી કાર્ય કરનાર પરમાત્માનાં જ સ્વરૂપ છે ને! તો સૌને વંદન, વંદન, વંદન.

વંદનનું બંધન પરમાત્માને ખેંચી લાવે. બાળના વંદનના તાંતણે પરમાત્માને બંધાવવું ગમે. હા, યશોદાના દોરડાથી પેલા બાળકૃષ્ણ બંધાયા જ હતા ને! પણ શરત એક છે કે વંદન પ્રેમથી, ભાવથી, ભક્તિથી, શ્રદ્ધાથી, સમર્પિત ભાવથી થવા જોઇએ, તો જ પેલો પરમપ્રેમી વંદન સ્વીકારી તત્પર બને ને પધારે.

થાય તેવા ને તેટલા વંદન રોજરોજ મા પણ શ્રીહરિને ચરણે કર્યા કરે છે. શ્રી હરિ પણ વંદનની વાટ જોતા હશે. તો જ યાદ કરાવીને વંદન કરાવી લે છે. છેક નાનાં બાળકને માતાપિતા શીખવતાં હોય છે. ચાલો માતાને પ્રણામ કરો, પિતાને પ્રણામ કરો. પ્રભુને પ્રણામ કરો. એ રીતે આ પ્રણામ પૂજા પણ શ્રીહરિ એજ માને શીખવાડી છે.

કર્પૂરવનના માના જન્મના જ શિક્ષાગુરુ બાપુજીએ પણ આ વંદનના સંસ્કાર બીજ વાવ્યાં છે એ બાપુજીને પણ અનંત જન્મોના લક્ષકોટિ પ્રણામ.

અરે, આ સમાજમાં ઘણાં કહેતા સાંભળવા મળે છે કે આ બાળક એની માતા જેવો જ દેખાય છે. એના બધા હાવભાવ એના પિતા જેવા જ છે. બાળક જાણે માતાપિતાનું પ્રતિબિંબ, પ્રતીક અરે એનીજ નાની પ્રતિકૃતિ.

બાળકને જોતાં જ માતાપિતા ઓળખાય જાય કે માતાપિતાને જોતાં બાળક ઓળખાય જાય.

બસ, આ વાત માને ગમી ગઇ છે એટલે હે હરિ, એક જ પ્રાર્થના છે કે આ માને પણ તારી જ પ્રતિકૃતિ બનાવી દે. જગત આ માને જોતાં કહી દે અરે, આ તો પરમાત્માની જ પ્રતિછબી છે. અરે, એના સર્વ હાવભાવ—જપ, તપ, પ્રાર્થના, સદ્‌ગુણો બધું એના પરમપિતા જેવું જ છે. આ પૃથ્વી પટે હે હરિ, તારા પ્રતીક બનવું માને ગમશે. તારું જ નાનકડું સ્વરૂપ આ જીવન ને બનાવી દે. એમાં વિલંબ ના કર. તારે ક્યાં કોઇ સર્જકને ઓર્ડર આપવો પડે છે કે પૂછવું પડે છે કે તપાસ કરવી પડે છે. હે હરિ, તારે માત્ર સંકલ્પ કરવો, જરાક ઇચ્છા જ કરવાની કે આ જ ક્ષણે આ મા મારા જેવાં બની જાય તો કેવું સારું! અને તારી સંકલ્પશક્તિના પ્રભાવે તરત જ મા તેવાં બની જશે.



પછી તારા જેવાં મા બની જાય તો તારી સાથે જ શોભેને! તારા દરબારે જ તેને ગોઠવવાં પડે ને! વિચારજે. આ માને તો હરતા ફરતા હરિની નાનકડી આવૃત્તિ બનવું છે. તારી જ સર્વ વિશેષતા આ જીવનમાં પણ ઉતરી જાય.

બાપ તેવા બેટા,

વડ તેવા ટેટા.

ખૂબ નાનપણથી આ બે વાક્ય સાંભળતાં આવ્યાં છીએ. તો પરમાત્મા જેવાં મા ને મા જેવા પરમાત્મા, આ મંગળસૂત્ર પહેરાવી દે.

પ્રાર્થના તો હે પ્રભુ, આપ સાંભળો જ છો, તો આવી અનેક પ્રાર્થના આપ સાંભળજો અને વહેલી તકે સ્વીકારી લેજો.

આજે યાત્રાનો અંતિમદિન, એટલે સૌ જાણે ગઇરાતથી જ તૈયાર. જાણે યાત્રા આટલી બસ. આટલું સાંનિધ્ય બસ. આટલો સત્સંગ બસ. સૌ પાછા પોતાના સ્થાનમાં પોતાના માનેલા ઘરમાં, પોતાના મળેલા સંસારમાં જવા સજ્જ.

શ્રી વિનોદભાઇનું ગ્રુપ ૫ નું છે. આવતી કાલે ૪ વાગે એરપોર્ટ પહોંચવાનું છે, એટલે તેના બોર્ડીંગ પાસ ઇન્ટરનેટ ઉપરથી કાઢી પણ લીધા. જવાનું જ છે. તો આગલી રાતથી જ જાણે તૈયાર.

જવાનું જ છે. આ દેહ છોડી છતાં ત્યાં પ્રવેશ માટેના બોર્ડીંગપાસ કઢાવી લેવામાં આપણે કદી ઉતાવળ કરતા નથી. ૨૪ કલાક પહેલાં તે પાસનું સ્મરણ પણ રહેતું નથી કે હરિના દરબારે સીટ મેળવવા નામજપ કે પ્રાર્થનાનું કનેક્શન પણ જોડાતું નથી.

હે હરિ, સૌને યાદ કરાવો કે મારી પાસે આવવું તો પડશે જ. તો આવતાં પહેલાં થોડુંક તૈયારીનું ભાથુ બાંધી લે.

તા. ૨૩મીએ ૧૧ પ્રણામ જે સ્લેટ ઉપર લખવા તેની કોપી સૌને ૨૪મીએ મળી જ ગઇ હતી. ૨૪મીએ સૌએ સમૂહમાં તે પ્રણામ કર્યા જ હતા.

આજે બસ જેવી યાત્રીઓથી સજ્જ થઇ એટલે મા પૂછે છે કોણે કોણે ૧૧ પ્રણામ નથી કર્યાં? તો ૭, ૮ બાળકો ઊભાં થયાં છે. અરે, એમાં રાજુ પણ આવી ગયો છે.

તો મા કહે છે ચાલો બસમાં જ પ્રણામ કરી લો.

સૌ ચાલુ બસે ૧૧ પ્રણામ બે હરોળની વચ્ચે જ્યાં ચાલવાની જગ્યા છે ત્યાં કરે છે.

બસમાં—ચાલુ બસમાં પહેલી વાર પ્રણામ થયા છે. ૧૯૮૩માં મોરીશીયસના એરપોર્ટ ઉપર મુસ્લીમ ભાઇઓને ટુવાલ પાથરીને નમાજ પઢતા જોયા હતા. મુંબઇના એરપોર્ટ ઉપર પણ હજ કરવા જતા ભાઇઓ નમાજ પઢતા જોયા હતાં. વડોદરાથી રાજધાની ટ્રેઇનમાં પણ એ દ્રશ્ય જોવા મળ્યું હતું.

એટલે કે મુસ્લીમ ભાઇઓ પાસે પ્રાર્થનાની નિયમિતતા સૌએ શીખવા જેવી માને લાગે છે. અતિનિયમિત અલ્લાની બંદગી. કેવું પ્રેરક ભાથું જોનારા, જાણનારા પામે છે.

બસમાં પ્રણામ કરવાનો પાઠ સૌને યાદ રહી જાય તેવો છે.

૧૩ માઇલ લાંબા દરિયાઇ પૂલ ઉપરથી બસ પસાર થઇ છે. ભગવાન શ્રી રામનો સેતુબંધનું સ્મરણ થયું છે.

આજે બેન રાધિકાએ ૩,૪ પદો સંભળાવ્યાં છે. યાત્રાની બધી જ યુવાન દીકરીઓએ યાત્રા વિશે વાર્તાલાપ આપ્યા છે.

ભાઇ રાજુ પણ સરસ રીતે સૌને ગુજરાતી—અંગ્રેજીમાં વાતો કરીને દોરી રહ્યો છે.

આજે અહીંથી શ્રી પ્રભુદાસ શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન વેનમાં ટોરેન્ટો જવા છૂટાં પડે છે.



મા પ્રસાદ આપે છે. પ્રાર્થના કરે છે. વેન સુધી મૂકવા પણ જાય છે. મંત્રગાન સાથે વેન વિદાય લે છે.

આજે માર્ગમાં ટૂરોની પેલી ભરતી પણ જોવા સૌ ઉતર્યા છે. અહીં પ્રશ્નોત્તરી થઇ છે.

પ્રશ્નો સારા હતા. યુવાનોને ધર્મક્ષેત્રની પણ જિજ્ઞાસા સારી છે. શ્રી હરિએ જેવા લખાવ્યા તેવા પ્રત્યુત્તરો લખાયા છે. સૌને સમાધાન શ્રી હરિએ કરાવ્યું છે. વીડીયોમાં તેને નોંધી લીધું છે, અનિલ તથા અપુએ.

આજે આપણા બસના સારથિ શ્રી સ્ટીવન્સભાઇ માટે એક બેગ ખરીદી છે અનુકૂળ સ્વજન બનીને જે ૧૪ દિવસ સાથે રહ્યા, તેનું સન્માન કરવાની ફરજ બજાવવવાની છે.

રાતે હેલીફેક્ષ આવી ગયા. મોડી રાતે હોલીડે ઇનના હોલમાં બાળકો રમત રમ્યાં છે. ગરબા ગાયા છે. પ્રાર્થના કરી છે વાર્તાલાપો થયા છે અને ભરપેટ પ્રસાદ સાથે આઇસક્રીમ સૌ પામ્યા છે.

સૌ પ્રસન્ન છે. આનંદ છે. ફરી યાત્રા થાય તો કોને કોને આવવું છે? તો પ્રત્યુત્તરમાં બધા હાથ જ ઊંચા કરીને તૈયારી બતાવે છે.

સૌ પોતપોતાના છોડેલા બિસ્તરાને સમેટવામાં કાર્યરત છે. માના ફળાહારના વિસ્તારેલાં સાધનો તો બપોરે જ વેનમાં વિદાય કરી દીધાં છે. શ્રી નિર્મલે જરૂરી બધું જ યાત્રામાં સાથે મા માટે લીધું હતું. માઇક્રોઓવન, ઇલેક્ટ્રીક સગડી, જરૂરી ફળો, જ્યૂસર, ઓરેન્જનો રસ કાઢવાનું મશીન, તો સાથે પ્રભુના તથા માના પલંગ ઉપર પાથરવાની દરરોજની ચાદર, કવર, નેપકીન, ઓશીકાં, બધું જ યાદ કરી કરીને શ્રી નિર્મલે સાથે લીધું હતું. મા ઉપર પ્રેમ છે તો બધું જ સહજભાવે થયાં કરે છે.

યાત્રામાં ઘણા બધા સ્વજનોનો સંપૂર્ણ પ્રેમભર્યો, ભક્તિભાવ ભર્યો, સેવાનો સહયોગ હતો તો જ યાત્રા સરલ સફળ થઈ.

સૌથી મોટો સહયોગ પરમેશ્વરનો. તેની ઇચ્છા વિના યાત્રાનો વિચાર જ ના જાગે. વિચાર, આયોજન, સફળતા, સેવકોમાં સંપ, પ્રેમ બધું જ શ્રી હરિના હાથનું હતું. તો સર્વ રીતે રક્ષાયેલા સૌ રહ્યા. યાત્રાની સર્વ સફળતાનો, સુરક્ષાનો સર્વ યશ હે હરિ તારા મસ્તકે છે. આભાર. પ્રણામ. પ્રણામ. પ્રણામ. પ્રણામ. પ્રણામ.

ધારો તે પ્રદેશમાં, ધારેલા સ્થળોએ, ધારેલા સાધનો અને ધારેલા સ્વજનો સાથે સફળતા સર્વ સમર્થ શ્રી હરિની જ છે. આપના અનંત ઉપકારો છે. હે મારા પ્રભુ, પ્રણામ. પ્રણામ. પ્રણામ. પ્રણામ. પ્રણામ. પ્રણામ. પ્રણામ. પ્રણામ. પ્રણામ.

(ક્રમશઃ)

---

(પૃષ્ઠ ૧૯નું અનુસંધાન)

હવે પુરુષ જો વિવેકને જાગ્રત કરી શાંતિથી વિચાર કરે કે "એક દિવસ તો શરીરને છોડવું જ પડશે, શરીર છૂટતાં સંસાર સાથેનો સંબંધ પણ છૂટી જ જશે. કારણ શરીર તો બાંધી મુદતને માટે ભાડે લીધેલ છે. મુદત પૂરી થયે તે માલિકને પાછું સોંપવાનું જ છે તો પછી મુદત પૂરી થયા પહેલાં જ તેમાંથી આસક્તિ કાઢી નાખું અને હસ્તે મોઢે માલિકને તેની વસ્તુ પાછી સોંપી દઉં તો કેવું સારું? વળી મુદત પૂરી થયા પહેલાં, જો મારું પોતાનું ઘર શોધી લઉં તો આ ભાડાના મકાનને ખાલી કર્યા બાદ તુરત ત્યાં જઈને સુખેથી રહું અને ત્યાંથી બીજે ક્યાંય ભાડાના ઘરમાં રહેવા જવું પડે નહિ." બસ આટલો જ વિવેક માણસમાં આવી જાય, અને તેને અમલમાં મૂકે તો તેનું ભવબંધન કપાઈ જાય.



# ઓમકારનો અર્થ

યોગેશ્વરજી

**પ્રશ્નઃ** વિધિપૂર્વકનાં અનુષ્ઠાનોથી ઈશ્વરદર્શન થઈ શકે ખરું?

**ઉત્તર :** ઈશ્વરદર્શનની ઇચ્છા જેમ જેમ ઉત્કટ બનશે તેમ તેમ બધા પ્રકારની વિધિમાંથી મન ઉપરામ બનતું જશે. એટલે એવો પ્રશ્ન જ નહીં રહે.

**પ્રશ્ન :** પ્રણવ મંત્ર એટલે શું?

**ઉત્તર :** ઓમકારને પ્રણવ મંત્ર કહેવામાં આવે છે.

**પ્રશ્ન :** ઓમકારનો અર્થ શું થાય છે?

**ઉત્તર :** ઓમકારમાં અ, ઉ, અને મ એ ત્રણ અક્ષરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રણેયની સંધિ થવાથી ઓમ બને છે. એ ઓમ શબ્દ પરમાત્માનો વાચક છે એમ પતંજલિએ યોગદર્શનમાં કહેલું છે. પતંજલિએ એ જ હકીકત તરફ ધ્યાન દોરેલું છે. પુષ્પદંતે પોતાના રચેલા મહિમ્નસ્રોત્રમાં પણ ઓમકાર વિશે એવો જ ઉલ્લેખ કરેલો છે. ઓમકારની ત્રણ માત્રાઓ ત્રણ પ્રકારના લોકનો, ત્રણ પ્રકારની અવસ્થાનો, પ્રકૃતિના ત્રણ ગુણોનો, ત્રણ પ્રકારનાં શરીરનો તથા ત્રણ દેવોનો નિર્દેશ કરે છે અને ઓમકારનું બિંદુ એમનાથી પર એવા પરમાત્માનો નિર્દેશ કરે છે, એમ પુષ્પ્તદંતે કહેલું છે, પ્રશ્નોપનિષદમાં પણ પિપ્પલાદ ઋષિએ એવો જ અર્થ કરી બતાવ્યો છે. પરંતુ મારી દૃષ્ટિએ તો ઓમકારમાં ભારતીય તત્ત્વજ્ઞાન ને સાધનાનો અર્ક સમાયેલો છે.

**પ્રશ્ન :** તે કેવી રીતે?

**ઉત્તર :** આત્મદર્શન કરવાની ઇચ્છાવાળા ઋષિઓને સૌથી પહેલાં પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાથી ઇચ્છા થઈ, ત્યારે

તેમને પ્રશ્ન થયો કે કોઽહમ્? એટલે કે હું કોણ છું? અથવા તો મારું સાચું સ્વરૂપ શું? એ પ્રશ્નોનો ઉત્તર મેળવવા માટે એમણે ધ્યાન કર્યું, એમના અંતરમાં ડૂબકી મારી અને ચિંતન મનનો આધાર લીધો. એને પરિણામે વરસોની મહેનત પછી, એમને એમના સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થયો, એથી એમણે નક્કી કર્યું કે સોહમ્ એટલે પરમાત્મા સ્વરૂપ છીએ અથવા તો પરમાત્માથી જુદા નથી. કોઇએ તેમને પૂછ્યું કે પરમાત્મા કેવા? તો તેમણે કહ્યું કે સત્યં, શિવં, સુંદર. સત્ય શિવસ્વરૂપને સુંદરતાના મૂળાધાર જેવા. વળી જ્ઞાનના અધિષ્ઠાતા, અનાદિ, અનંત, અવિનાશી અને પરમ પ્રેમની મૂર્તિ જેવા. સચ્ચિદાનંદ સ્વરૂપ એવા એ પરમાત્માની સાથે એકતાનો અનુભવ કરી ચૂકેલા ઋષિઓએ કહ્યું કે અમારામાં અને એ પરમાત્મામાં મૂળભૂત રીતે જોતાં કોઇ ભેદ નથી. અમારી વચ્ચે અખંડ એવી એકતા છે, એ અનુભવની ઉચ્ચતમ દશાએ પહોંચેલા ઋષિએ કહ્યું કે અહં બ્રહ્માસ્મિ, હું પરમાત્મા છું. સૂફી સંતોએ અનલહક કહીને એ જ વાત તરફ અંગૂલીનિર્દેશ કરેલો છે. એટલે સોઽહમ્ શબ્દમાં ભારતીય યોગી, મુનિ, જ્ઞાની કે તત્ત્વજ્ઞાનીઓની આત્મિક સાધનાનું સરવૈયું આવી જાય છે. એ શબ્દોમાં ભારતીય ધર્મ, તત્ત્વજ્ઞાન કે સાધનાનો, વરસોનાં ચિંતન, મનન ને તપને પરિણામે એટલે એવો નિષ્કર્ષ આવી જાય છે. હવે સોઽહમ્ શબ્દમાંથી આગળનો સ કાઢી નાખો ને છેલ્લો મ રહેવા દઇને વચલો હ કાઢી નાંખો તો ફક્ત ઓમ બાકી રહેશે. એટલે ઓમ એ સોઽહમ્નું ટૂંકું રૂપ છે, એની ખાતરી થશે; ને મારું કથન પણ સમજાશે કે ઓમકારમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને સાધનાનો અર્ક આવી જાય છે. ઓમકારનો આ રીતે વિચાર કરો તો ઘણો લાભ થશે.



**પ્રશ્ન :** પણ તમારી સમજાવવાની પદ્ધતિ તો તદ્દન નવી છે?

**ઉત્તર :** નવી હોય તેથી શું થયું? એ બુદ્ધિગમ્ય ને વૈજ્ઞાનિક છે કે નહીં, તે જ જોવાનું છે. જૂની રીતે વિચારવા ટેવાયેલા માણસોને આ વિચારસરણી નવી લાગશે પણ એ વિચારવા જેવી કે કામની છે. એટલે એને અપનાવવાની હું સૌને ભલામણ કરું છું. મને પોતાને આવી રીતે વિચાર કરવાથી લાભ થયો છે. ઓમકારના જપ જો આવી રીતે વિચારીને કરવામાં આવે તો ખૂબ જ લાભ થાય એમ મારું માનવું છે.

## ઓમકાર વિશે

**પ્રશ્ન :** ઓમકારના જપ કેવી રીતે કરવા?

**ઉત્તર :** ગુરુએ કહ્યા પ્રમાણે કરવા. જો ગુરુ કર્યા જ ના હોય, ને પોતાની મેળે કરવાની ઇચ્છા હોય, તો પદ્માસન જેવા કોઇ આસનમાં કે કેવળ સુખાસનમાં બેસીને, આંખ બંધ કરીને, હૃદય અથવા તો ભ્રૂમધ્ય બેમાંથી કોઇપણ એક સ્થાનમાં દૃષ્ટિ સ્થિર કરવી, ને માળાની મદદથી અથવા મનોમન ઓમકારના ઉચ્ચારતા કરતા રહેવું અને હું આનંદ સ્વરૂપ છું, શાંતિ સ્વરૂપ છું, જ્ઞાન સ્વરૂપ છું, શુદ્ધ છું, બુદ્ધ છું, એવી ભાવના કરવી.

**પ્રશ્ન :** પરંતુ આપણે ખરેખર એવા ના હોઇએ તો એવી ભાવના કરવાથી શો લાભ?

**ઉત્તર :** આપણે ખરેખર તો એવા જ છીએ. પરંતુ વ્યવહારમાં એનો અનુભવ નથી કરી શકતા. એનું કારણ આપણું અજ્ઞાન અને આપણા કર્મ સંસ્કાર કે આપણી નબળાઇ. તેને દૂર કરવામાં આવે, તો આપણને આપણા એ ખરેખરા અથવા તો અસલ સ્વરૂપનું ભાન થઇ શકે, એ સ્વરૂપની ભાવના કરવાથી એના અનુભવ માટેની ઇચ્છા થાય છે ને છેવટે એક ધન્ય દિવસે એનો અનુભવ પણ થઇ જાય છે. ભાવનાનું સ્થાન જીવનમાં ઘણું મોટું

છે. ભાવનાની શક્તિ ઘણી પ્રબળ છે, ભાવના પ્રમાણે જીવનમાં વધારે કે ઓછો વિકાસ થઇ શકે છે. જેનામાં ભાવના જ નથી, તેઓ ભાવનાની દિશામાં વિકાસ કેવી રીતે કરી શકે? માટે ભાવના કરવાથી શો લાભ, એવી શંકા કરવાની જરૂર નથી. સારી ભાવનાઓ જીવનમાં હંમેશાં ઉપયોગી થઇ પડે છે. આજે જે ભાવના છે, તે કાલે જીવન બને છે.

**પ્રશ્ન :** ઓમકારના જપનું ફળ શું?

**ઉત્તર :** ઓમકારના જપનું ફળ વળી બીજું શું હોય? આત્મદર્શન અથવા પરમાત્માપ્રાપ્તિ. જેને એ ફળ ના જોઇતું હોય, ને દુન્યવી ફળ જોઇતાં હોય, તેને પણ વત્તાઓછા વખતે ને વત્તાઓછા પ્રમાણમાં તે ફળ મળી શકે છે. જેની જેવી ઇચ્છા કે જેની જેવી ભાવના. ઓમકાર તો કલ્પવૃક્ષ છે. તેની નીચે બેસીને બધી જાતની ઇચ્છાઓ પૂરી કરી શકાય છે. તે પછી લૌકિક હોય કે પારલૌકિક. એટલે જ પેલા જૂના શ્લોકોમાં કહ્યું છે કે. 'બિંદુ સાથેના ઓમકારનું જે દરરોજ ધ્યાન કરે છે તે યોગીની બધી જ કામનાઓ પૂરી થઇને તેને મુક્તિ મળે છે. એ ઓમકારને હું નમસ્કાર કરું છું. ઓમકાર બિંદુ સંયુક્ત નિત્યં ધ્યાયંતિ યોગિનઃ કામદં મોક્ષદં ચૈવ, ઓમકારાય નમો નમઃ ॥' ઓમકારથી એવી રીતે બીજી કામનાઓની પૂર્તિ થતી હોવા છતાં, એનો આધાર મુખ્યત્વે તો આત્મદર્શન અથવા પરમાત્માપ્રાપ્તિ કે આત્મશાંતિને માટે લેવાય તે જ વધારે સારું છે.

**પ્રશ્ન :** ઓમની સાથે તત્ ને સત્ કેમ કહેવાય છે! એનો શો અર્થ?

**ઉત્તરઃ** એનો અર્થ બધા પોતપોતાની બુદ્ધિ ને રુચિ પ્રમાણે કરે છે. ગીતામાં પણ એનો ઉલ્લેખ કરેલો છે કે ઓમ તત્સત્ કહીને પરમાત્મા વિશે જ કહેવામાં આવ્યું છે, વેદપાઠ કરનાર ને યજ્ઞ કરનાર એ નામથી પોતપોતાની શુભ ક્રિયાની શરૂઆત કરે છે. ઓમ તો પરમાત્માનું નામ છે. તત્ ને સત્ કહીને તે પરમાત્મા જ્ઞાનસ્વરૂપ છે એવો અર્થ કરીએ તો ઠીક થાય કે તે સત્યસ્વરૂપ પરમાત્મા તથા મારી વચ્ચે એકતા છે. હું તે પરમાત્મા સ્વરૂપ છું.



**પ્રશ્ન :** જપ કરતી વખતે તત્સત્ બોલવું જોઇએ કે એકલું ઓમ?

**ઉત્તર :** એકલું ઓમ બોલવાથી ઓમ તત્સત્‌નો ભાવ આવી જ જાય છે. છતાં પણ એ બંનેમાંથી શેનો જપ કરવો તે સાધકની ઇચ્છા પર અવલંબે છે. જેનો પણ જપ કરવામાં આવે તેનો જપ જડ કે યાંત્રિક ના બની જાય, પણ સમજપૂર્વક થાય, અને સ્વભાવના સુધાર, ચારિત્ર્યના ઘડતર, તથા આત્મિક વિકાસના કામમાં મહત્ત્વનો ભાગ ભજવી જાય તેનું આપણે ખાસ ધ્યાન રાખવાનું છે એ જ મહત્ત્વનું છે.

માણસે રોજ પોતાની જાતને પૂછવું જોઇએ, મારો કમાયેલો પ્રત્યેક રૂપિયો સુખમાં રૂપાંતર પામે છે ખરો?

## સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# સ્વામી રામદાસની સ્વિટ્ઝર્લેન્ડની યાત્રા

સ્વામી રામદાસ

### "કેવો સુંદર સંદેશ!"

એક દિવસ સાંજના હંમેશ મુજબ રામદાસ પુસ્તકાલયમાં બેઠો હતો ત્યારે એક બાઇ જીન હર્બર્ટ સાથે ત્યાં આવી ચઢ્યાં. જીન હર્બર્ટે રામદાસને તેમની ઓળખાણ કરાવીને કહ્યું કે તેઓ ઈટાલીનાં રાણી હતાં. દેખાવમાં તેઓ ઊંચાં, ભવ્ય અને દમામવાળા હતાં. રામદાસની પાસે જ તેઓ બેઠાં. અમને કહ્યા પ્રમાણે અનેક પ્રકારની પ્રખર, વિટંબણામાંથી પસાર થયા છતાં તેમના વદન ઉપર શાંતિ, સમર્પિત ભાવના અને સૌમ્યતા સ્પષ્ટ દેખાતી હતી. તેમના હાથમાં એક નાની ચોપડી હતી. તેમણે કહ્યું કે "આ ચોપડી હું હંમેશ મારી સાથે રાખું છું. આ ચોપડીમાં તમારાં બોધ વચનોનો અનુવાદ છે. મારાં કાકી પાસે આ પુસ્તક હતું અને તેમની પાસેથી મેં લીધું છે. તે ખૂબ જ પ્રેરણાત્મક છે."

ત્યાર પછી તેમણે થોડી મિનિટ સુધી શાંતભાવે ધ્યાન કરવા ઈચ્છા દર્શાવતાં તે પ્રમાણે ધ્યાન કરી રહ્યા પછી તેમણે પૂછ્યું: "મારા માટે આપનો શો સંદેશો છે?"

**રામદાસે જવાબમાં કહ્યું :** 'ઈશ્વર તમારા હૃદયમાં બિરાજે છે અને તમે તેની મૂર્તિ છો.'

**રાણી :** "કેટલું સુંદર સૂચન!"

**રામદાસ :** "આપણે બધાં તે ઈશ્વરી તત્ત્વનાં મૂર્ત સ્વરૂપો છીએ. આપણું મૂળ સ્વરૂપ શુદ્ધ આનંદ અને શાંતિ છે. આ વિષેનું સતત સ્મરણ એટલે સર્વદા સુખ અને શાંતિની પ્રાપ્તિ."

**રાણી :** " આપને મળીને અમને ખૂબ આનંદ થયો છે. ત્યાર



પછી તેમણે રામદાસની રજા લીધી અને જતાં જતાં માતાજીને પણ મળતાં ગયાં."

### ચમત્કાર થયો

રામદાસને મળવા આવનારમાં એક બહેન હતાં. તે તેમનાં બાળકો સાથે આવતાં અને રામદાસ સાથેના વાર્તાલાપ તે બહુ જ ધ્યાનપૂર્વક સાંભળતાં. લોકોના સમૂહ વચ્ચે બેઠેલાં તે બહેન ઉપર જ્યારે જ્યારે રામદાસની દૃષ્ટિ પડતી ત્યારે તેમના મુખ ઉપર એક અનેરો પ્રકાશ અને આનંદની ઊર્મિ તેને દેખાતી. બાકીના સમયે પણ અંતરમાં અનુભવાતાં આનંદનાં પ્રતિબિંબ તેના મુક્ત સ્મિતમાં સહેજે જણાતાં હતાં. પહેલી સભા પછી તે બહેન રામદાસના ખાનગી ખંડમાં આવી પોતાની અંતર વેદના જણાવી ગયાં. પોતે ઈશ્વરનાં ચુસ્ત ભક્ત હતાં જ્યારે તેમના પતિ ઈશ્વર–વિમુખ હતા. તેઓ આધ્યાત્મિક પ્રગતિ માટે સંતો અગર આધ્યાત્મિક માર્ગે આગળ વધેલા માણસો પાસે જાય તેનો તેમના પતિ ભારે વિરોધ કરતા. પતિનું મન ઈશ્વર તરફ વળે તેવા આશીર્વાદ આપવા તે બહેને રામદાસને વિનંતી કરી અને આમ કહેતાં કહેતાં તો તેમની આંખમાં અશ્રુ ભરાઇ આવ્યાં અને આવેશમાં શરીર ધ્રૂજવા લાગ્યું.

એક દિવસે વાર્તાલાપ વખતે પોતાના પતિને સમજાવીને તેઓ સાથે તેડી લાવ્યાં. પતિના ગયા પછી તે દિવસે સાંજનાં તે બહેન રામદાસ પાસે આવ્યાં અને કબૂલ કર્યું કે તેમના વાર્તાલાપમાં પતિને જરાય રસ પડ્યો નહોતો. રામદાસ તે બહેનની અંતરવ્યથા જોઇ શક્યો. પરંતુ તે બહેન બહાદુર અને શ્રદ્ધાયુક્ત હતાં. તેમણે એક વધુ પ્રયાસ કર્યો અને બીજા દિવસે પણ પતિને વાર્તાલાપમાં તેડી લાવ્યાં. આ વખતે પતિએ રામદાસને થોડા પ્રશ્નો પૂછ્યા. તેમની રીતભાત ઉપરથી

રામદાસને લાગ્યું કે રામદાસના જવાબ સાંભળી તેમને કાંઇ સંતોષ થયો નહોતો. પરંતુ વાર્તાલાપ પૂરો થયા પછી અણધાર્યો ચમત્કાર બન્યો. પત્નીની સાથે અમારા ખાનગી ખંડમાં આવી અમને કહે; મારી બધી ગડમથલ શમી ગઇ છે અને મને શાંતિ મળી છે. રામદાસની કોઇ અદશ્ય શક્તિ દ્વારા મારામાં અસર થઇ છે, અને મારા જીવનમાં સંપૂર્ણ પલટો આવ્યો છે, અને ત્યાર પછી તો તે ભાઇ અમારા સ્વજન સમા બની ગયા. તેમનાં પત્નીના આનંદની અવધિ નહોતી. ઈશ્વર અને તેના નામની શક્તિ અપાર છે.

**સૂફી ભક્તો**

વાર્તાલાપની સભાઓમાં નિયમિત રીતે આવતા કેટલાય સૂફી મિત્રો વિષે રામદાસને બે શબ્દો અત્રે કહેવા આવશ્યક છે. તે ભાઇઓ મહાન સૂફી સંત યો. એફ શુઓનના શિષ્યો હતા અને રામદાસ ભગવન્નામના ગુણાનુવાદ વિષે બોલતા ત્યારે તે અત્યંત રસપૂર્વક તેઓ સાંભળતા અને સભા પૂરી થયા પછી તેઓ રામદાસના ખંડમાં આવી તેના સાન્નિધ્યમાં અનુભવેલી શાંતિ માટે ઉપકાર પ્રદર્શિત કરતા હતા. તેમનાં મોં તેજસ્વી અને આનંદી હતાં અને રીતભાતમાં તેઓ માયાળુ અને નમ્ર હતા. ખરેખર! ઈશ્વરનું નામ અને આત્મ—સમર્પણ આ બે મુખ્ય સાધનો જ ભગવાનના ભક્તોને આધ્યાત્મિક અનુભવની ટોચે પહોંચાડે છે. આવા જ લોકો સાચા ભગવત્ પ્રેમી છે. અને ખરેખર તેવાઓના સૌભાગ્યની પરિસીમા નથી.

**''ખૂબ ઈર્ષ્યા કરવા જેવું!''**

અમે જીન હર્બર્ટને ત્યાં રહ્યાં તે દરમ્યાન જીન હર્બર્ટ તેમજ તેમનાં ચપળ પત્ની બંને જણાં ખૂબ પ્રેમપૂર્વક અમારો આતિથ્ય—સત્કાર કરતાં હતાં. તેમનું મકાન જાણે સંપૂર્ણ રીતે ભારતવાસીનું



એક મકાન હોય તેવું દેખાતું હતું. પ્રસન્ના રામદાસને ઘણીવાર કહેતાં કે તમે અમારી સાથે ચૌદ દિવસ રહ્યા તે તો બહુ થોડું કહેવાય. આ પ્રમાણે રામદાસની વાતો સાંભળતાં જીન હર્બર્ટને અપરિમિત આનંદ થતો હતો. વાર્તાલાપના જે દિવસે તેમનું હૃદયનું ખૂબ ઉદ્દીપન થઇ આવતું ત્યારે આખા દિવસનો કાર્યક્રમ પૂરો થતાં તે રામદાસના ખાનગી ખંડમાં આવી તેને હૃદય ભરી ભેટી પડતાં હતાં. વાર્તાલાપ પૂરો થતાં એક દિવસ તો હંમેશ મુજબ રામદાસ પાસે આવી કહે, ''સ્વામીજી! આજે બપોરની આપની વાતો ખરેખર અત્યંત સમજવા જેવી હતી. પેલા સૂફી મિત્રો જે આપને સાંભળવા આવ્યા હતા તેમણે જ્યારે આપનું આવું કથન સાંભળ્યું કે ધર્મપલટો કરાવવા કે કોઇ નવો પંથ સ્થાપવા આપ અત્રે આવ્યા નથી પરંતુ ગમે તે ધર્મ, પંથ કે વાદને અનુસરનાર સ્ત્રી કે પુરુષ પોતપોતાના જ માર્ગે વધુ પ્રગતિ કરે તે જ હેતુ આપનો છે ત્યારે તો તેઓ ખૂબ જ ગળગળા થઇ ગયા હતા.''

રામદાસે મજાકમાં તેમને પૂછ્યું, ''તમે રામદાસને કઇ ભૂમિકા ઉપર માનો છો?''

તેમણે જવાબ આપ્યોઃ ''આપની ભૂમિકા? એ તો ખૂબ ઈર્ષ્યા કરવા જેવી.''

એક દિવસ જીન હર્બર્ટ અને તેમનાં પત્ની રામદાસને મેડા ઉપરના સેવાના ઓરડામાં જ્યાં તેઓ રોજ પ્રાર્થના અને ધ્યાન કરતાં હતાં, ત્યાં લઇ ગયાં. ત્યાં એક કળામય ટેબલ ઉપર ગણેશ ભગવાન અને બીજા દેવોની મૂર્તિઓ જોતાં થોડો સમય અમે ત્યાં ઊભાં રહ્યાં. ઓરડાનું વાતાવરણ ગંભીર અને શાંત હતું. જીન હર્બર્ટ સ્વભાવે સરખાં છે. ઉભય અધ્યાત્મમાર્ગમાં ઊંડા રસીયાં, નિખાલસ અને આનંદી છે. જીન હર્બર્ટ એક

વિદ્વાન અને ભાષાશાસ્ત્રી છે. યુરોપની ઘણી ભાષાઓ તેઓ જાણે છે અને રામદાસને ખબર છે કે તેઓ સંસ્કૃતનું પણ સારું જ્ઞાન ધરાવે છે. તેમણે સંસ્કૃતના ઘણા ગ્રંથોનો ફ્રેન્ચમાં અનુવાદ કર્યો છે. જુદા જુદા ધર્મો અને સંસ્કૃતિના ક્ષેત્રમાં—તેમાં યે ખાસ કરીને ભારત વિષે તેમણે સારું સંશોધન કર્યું છે. તે વિષયો ઉપર તેમણે કેટલાક મૌલિક ગ્રંથો પણ પ્રકટ કર્યા છે. પરંતુ તેમની સૌથી મહાન વિશેષતા તો તેમનો આનંદી, સહૃદયી અને માયાળુ સ્વભાવ છે.

તે તરફના એક સરખા સપાટ અને સ્વચ્છ માર્ગ ઉપર અમે અનેકવાર સાંજના ફરવા જતા હતાં. માર્ગની બંને બાજુ ઉપરનાં ઊંચા ઊંચા ઓક અને બીજા વૃક્ષો, પગે ચાલી ત્યાંથી પસાર થનારને ઠંડો છાંયડો આપતાં હતાં. આવા એકાંત સ્થાનની તાજી અને પ્રફુલ્લિત હવાનો સ્વાદ લેતાં શાંત બની અમે ત્યાં ફરતા હતા. સભામાં આવેલા કેટલાક મિત્રો માર્ગમાં અમારી સાથે ભળી જતા. આ માર્ગ ઉપરની ભવ્ય લીલા અને વનસૌંદર્યને જોતાં અને પ્રસન્ન દશા અનુભવતા હતા, અને તે વખતે નિશ્ચિત બાળકોની માફક અમે ત્યાં છૂટથી ફરતાં હતાં. વસ્તુતઃ વિશ્વની એક જ જગતમાતાનાં આપણે બાળકો છીએ ને?

રામદાસને મળવા આવનાર પૈકી થોડા બલ્કે કોઇ પણ અંગ્રેજી સમજતા નહોતા. તેથી જ્યારે રામદાસ અંગ્રેજીમાં બોલતા એટલે જીન હર્બર્ટ કે પ્રસન્નતા, બંને જણાં કુશળ દુભાષિયા હોવાથી, તેનો ફ્રેન્ચ ભાષામાં તરજુમો કરતાં. આ રીતે રામદાસને પડતી ભાષાની મુશ્કેલી સહેલાઈથી દૂર થઇ હતી.

જીનીવામાં અમે ચૌદ દિવસ રહ્યાં હતાં, તે દરમ્યાન જીન હર્બર્ટને ત્યાં પુસ્તકાલયમાં થએલ વાર્તાલાપનો કેટલોક છૂટક



છૂટક ભાગ નીચે આપ્યો છે :

(રામદાસ બેઠો હતા તે ખંડમાં કેટલાક મિત્રો આવે છે.)

**રામદાસ :** આવો, બેસો, આપ સૌને આ પ્રમાણે જમીન ઉપર બેસતાં મુશ્કેલી તો પડતી હશે. તમને દૂર દેશથી ઈશ્વર સંબંધી વાત કરવા અમે આવ્યાં છીએ. આપ સૌ અંગ્રેજી સમજો છો?

**એક ભાઈ :** આ મારા મિત્ર અંગ્રેજી સમજી શકતા નથી. આપનું ''ઈશ્વરની શોધ'' નામનું પુસ્તક મેં વાંચ્યું છે. હું અંગ્રેજી સમજું છું. આ બહેન જાણવા માગે છે કે આપને તેઓ એક પ્રશ્ન પૂછી શકે?

**રામદાસ :** હા.

**પ્રશ્ન :** આપના તે પુસ્તકામાં દર્શાવેલ સર્વ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?

### ઈશ્વરકૃપાનું ફળ

**રામદાસ :** આ પ્રશ્નનો સાદો જવાબ એ છે કે રામદાસના સંબંધમાં તો તે બધું બનવામાં ઈશ્વરનો અનુગ્રહ હતો. તેના પર ઈશ્વરની કૃપા ઊતરી અને તેણે રામદાસમાં પરિવર્તન આણ્યું. અને તેણે જ એ બધી આશ્ચર્યકારક ઘટના રચી. આપણા યત્નો ફોગટ છે. પ્રથમ તેનો અનુગ્રહ પ્રાપ્ત થવો જોઈએ. ત્યાર પછી આપણી આધ્યાત્મિક પ્રગતિ માટે જે જે આવશ્યક હોય તે પ્રમાણે બની આખરે અંતરમાં પ્રકાશ મળે છે અને આત્મસાક્ષાત્કાર થાય છે. આપણી યોગ્યતાથી તે મેળવી શકાતું નથી. ઈશ્વરની ઈચ્છા થાય તો જ અને ત્યારે જ આપણાં મન ભગવત્‌પરાયણ બને છે.

**પ્રશ્ન :** કોઇ પુસ્તકમાંથી વાંચીને આપણી મેળે ઈશ્વરનું નામ

સ્મરણ કરીએ અને ગુરુ દ્વારા મળેલું નામ જપીએ તે બેમાં કાંઇ મોટો ફેર ખરો?

**રામદાસ :** અવશ્ય તે બન્ને વચ્ચે ફેર છે. ગુરુ તરફથી નામસ્મરણનો મંત્ર મળે છે ત્યારે તેની મન ઉપર ભારે અસર થાય છે. ગુરુ જ્યારે મંત્રદીક્ષા આપે છે ત્યારે મંત્રમાં પોતાની આધ્યાત્મિક શક્તિ રેડે છે. અર્થાત્ મંત્રદ્વારા પોતાની શક્તિ તે શિષ્યામાં પ્રગટાવે છે.

**બે માર્ગ**

**પ્રશ્ન :** ધ્યેયને સત્વરે પહોંચવા માટે કયો ઉપાય શ્રેષ્ઠ છે?

**રામદાસ :** તે માટે બે માર્ગ છે. એક માર્ગ એ છે કે તમારાં અહમ્‌ને વિશ્વવ્યાપી વિસ્તૃત કરો અને બીજો માર્ગ તમારા અહમ્‌ને ઘટાડીને શૂન્યવત્ બનાવી દ્યો. પ્રથમ માર્ગે જ્ઞાનનો આધાર લ્યો. જ્યારે બીજા માર્ગે ભક્તિનો આશરો લ્યો. જ્ઞાની કહે છે, ''હું ઈશ્વર છું.'' ભક્ત કહે છે, ''હું તો કાંઇ નથી. હે ભગવાન! જે કંઇ છે તે સર્વ તું જ છું.'' આ બંને સ્થિતિમાં અહમ્‌ભાવ ઓસરી જાય છે. ઈશ્વરનો આશરો લઇ અને હર સમયે તેનો અનુગ્રહ અને તેના રક્ષણ નીચે રહેવું એ વધારે સહીસલામત અને ચોક્કસ માર્ગ છે.

**પ્રશ્ન :** આપ જ્યારે કહો છો કે આ આખું વિશ્વ ઈશ્વરની લીલા છે તો અમારે તેમાં ભાગ લેવો જોઇએ કે તે તરફ બેપરવા રહેવું? અમારે તેનો વિરોધ કરી તેનાથી અલિપ્ત રહેવા યત્ન કરવો કે પછી તે લીલાને આધીન બનવું?

**રામદાસ :** નાટકના સૂત્રધારે આપણ પ્રત્યેકને સોંપેલા પાત્ર અનુસાર આપણે આપણો વેષ ભજવવો જોઇએ. તે આપણી અંદર વસેલો છે. અંતરમાં તેની યાદ રહે તો આપણું પાત્ર સારી



રીતે ભજવી શકીશું અને જો તેની યાદ નહીં રાખીએ તો આપણો ખેલ બગડી જશે. એકમાં આપણને સુખની પ્રાપ્તિ છે જ્યારે બીજામાં દુઃખ અને ક્લેશ મળે છે.

**પ્રશ્ન :** જો ઈશ્વર જ મારામાં રહી બધું કરે છે તો પછી હું જે કંઇ કરું તે બધું બરાબર હોવું જોઇએ. ઈશુ ખ્રિસ્તને શૂળીએ ચઢાવ્યો, તે કાર્ય પણ?

**રામદાસ :** તમારી દ્વારા ઈશ્વર જ બધું કાર્ય કરી રહ્યો છે એવી ભાવના તમે સેવતા હો તો પછી કોઇ પણ ખોટું કાર્ય તમારાથી થશે જ નહીં. જ્યારે ઈશ્વરને વીસરી જવાય છે ત્યારે જ તમારાથી ખોટું કામ થાય છે. જ્યાં અંતરમાં વસી રહેલ ઈશ્વરનો પ્રકાશ તમારો માર્ગ—દર્શક હોય ત્યાં સર્વદા તમે સત્ય અને સત્ પંથે જ વિચારશો અને કોઇ પણ દુષ્કાર્ય તમારાથી થઈ શકશે જ નહીં.

**પ્રશ્ન :** સૌંદર્ય પ્રતિ અનુરાગ રહે તેવા વિચારો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે આવશ્યક છે?

**રામદાસ :** સુંદરતા પ્રતિ અનુરાગ તેનો અર્થ કેવળ બહારથી દેખાતી સુંદરતા તરફ પ્રેમ રહેવો એમ નથી. મનુષ્યના સ્વભાવમાં જે શ્રેષ્ઠતા અને સદ્‌ગુણ છે તે સાચી સુંદરતા છે, ખરું ને? જુઓ આપણે બુદ્ધ ભગવાન, શ્રીકૃષ્ણ અને ઈશુ ખ્રિસ્તને ચાહીએ છીએ તેનું કારણ તેમના પ્રખ્યાત દિવ્ય અને સુંદર સદ્‌ગુણો છે, તેઓ આત્માથી કે શરીરથી હૃદયમાં યા કાર્યોમાં સર્વ રીતે એક સરખા સુંદર હતા. આ કારણથી તો આપણે તેમનું પૂજન કરીએ છીએ, જેથી હલકી વાસનાથી પર બની આપણે આખરે શુદ્ધ, બુદ્ધ અને સચ્ચિદાનંદ સ્વરૂપને પામી શકીએ છીએ. (ક્રમશઃ)

# શ્રી સુરેશભાઈને સ્મરણાંજલિ

—નારાયણ હ. જાની

અમારે સને ૧૯૮૮ના મે મહિનાની ૧૫મી તારીખે ચાર માસ માટે પરદેશ જવાનું થયું, તેમાં જુલાઇ ઓગસ્ટ દરમ્યાન અમે એક માસ માટે શ્રી સુરેશભાઈના કેનેડામાં મહેમાન બન્યાં.

અમને અમેરિકા, કેનેડા અને ઇંગ્લેન્ડના વીઝા મળેલા. અમારા કેનેડાના સ્પોન્સર હતા શ્રી સુરેશભાઇ શાહ.

પ.પૂ.ગુરુદેવશ્રી યોગેશ્વરજીની સને ૧૯૮૪માં માર્ચ માસની ૧૮ તારીખે ભૌતિક વિદાય પછી પૂ.માશ્રી સર્વેશ્વરીની વિદેશોની આ પહેલી યાત્રા હતી. આ યાત્રામાં પૂ.માએ કૃપા કરી મને અને મારા પત્ની શ્રી સરસ્વતીને સાથે લીધાં હતાં.

એક માસના નિવાસ દરમ્યાન શ્રી સુરેશભાઇ શાહ અને તેમનાં ધર્મપત્ની શ્રી વિમળાબહેનના ઉમદા ગુણો તેમજ પૂ.ગુરુદેવ અને પૂ.મા પ્રત્યેના અનન્ય ભક્તિભાવને ખૂબ નજીકથી નિહાળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

પૂ.શ્રી વગર પૂ.માની આ પહેલી વિદેશ યાત્રા હતી. છતાં શ્રી સુરેશભાઇ અને કેનેડાના ધ્યાન કેન્દ્રની અન્ય ભાઇઓ એ જે સહજતાથી પૂ.માને એક આધ્યાત્મિક સંત વિભૂતિ તરીકે સ્વીકાર્યાં. તેનો પૂરો યશ શ્રી સુરેશભાઇને જાય છે, એમ કહું તો તે વધારે પડતું નથી. જો કે પૂ.માએ પૂ.ગુરુદેવની ભૌતિક વિદાય પછી અન્નના ભોજનનો જે સહજતાથી ત્યાગ કરી દીધો, તેનાથી પૂ.ગુરુદેવ પ્રત્યેની તેમની શ્રદ્ધા ને નિષ્ઠાની પ્રતીતિ યોગેશ્વર પરિવારના સભ્યોને અધ્યાત્મ માસિક દ્વારા થઇ ગઇ હતી.



શ્રી સુરેશભાઇ ખૂબ શિસ્તપ્રિય.એટલે ઘણીવાર બહારથી વ્યવહારમાં કઠોર લાગે, પરંતુ અંતરથી ખૂબ મુલાયમ અને કોમળ. એમના સ્વભાવના આ પાસાનો અમને તેમના સાન્નિધ્યમાં, ગાળેલા દિવસોમાં પરિચય થયો. પૂ.મા સાથે અમારા ઉપરાંત અમેરિકાથી જે ભક્તો આવ્યા—તેમના સહુના સ્વાગત માટે એમણે પોતાના ઘરે સારી એવી તૈયારી અગાઉથી જ કરી રાખેલી. એમાં એમનો અભ્યાગતો પ્રત્યેનો અદારભાવ દૃષ્ટિ ગોચર થતો.

પોતાના નાના નિવાસમાં પણ પૂ.મા માટે તેઓએ શક્ય તેટલી બધી જ સુવિધા કરેલી, જેથી પૂ.માને કોઇ તકલીફ ના પડે.

વળી, પૂ.મા ભારતથી પૂ.ગુરુદેવની જે પાદુકાઓ લાવેલાં, તેને અમેરિકાથી કેનેડા મોટરમાં ખૂબ પૂજ્યભાવ ને પૂરી પવિત્રતાના ભાવ સાથે પોતાના ઘરે પધરાવી, શાસ્ત્રોક્તવિધિથી આ પાદુકાઓનું પૂજન કરાવ્યું. જાણે ગુરુદેવ સ્વયં આ પાદુકાઓના રૂપમાં તેમને ત્યાં પધાર્યા હોય તેવો તેઓનો ભાવ હતો.

અમારો ને સુરેશભાઈનો પરિચય ઘણાં વર્ષોનો. તેઓ નાના હતા ને ભારતમાં પૂ.શ્રી સાબરમતીમાં પહેલીવાર જ ઈશ્વરલાલ પ્રજાપતિના મહેમાન બનેલા ત્યારનો. છતાં તેમનો અગત ખાસ પરિચય તો પૂ.મા સાથે કેનેડા ગયા ત્યારે થયો. પૂ.શ્રી ગુરુદેવ અને પૂ.મા સર્વેશ્વરી પ્રત્યેની તેઓની શ્રદ્ધાભક્તિ એકધારી ટકી રહી, તેમાં તેઓનાં ધર્મપત્ની શ્રી વિમળાબહેનનો ફાળો પણ નાનોસૂનો નહીં.

શ્રી સુરેશભાઇ એટલે મધ્યમવર્ગના એક સીધાસાદા પ્રમાણિક વ્યક્તિ. કેનેડા જવામાં તેઓના નાનાભાઇ રાજુભાઇ નિમિત્ત બન્યા, પરંતુ ખૂબ પુરુષાર્થ કરી, બે બે પાળીની નોકરીઓ કરી. તેઓ આર્થિક રીતે સંપન્ન થયા. વળી ખાસ અંગ્રેજી ભણેલાં નહીં એવાં વિમળાબહેને પણ ફેકટરીમાં નોકરી કરી, પરિવારના આર્થિક સધ્ધરતા પ્રાપ્તિ માટેના સંઘર્ષમાં પોતાનો ફાળો આપ્યો.

મહત્ત્વની વાત તો એ છે કે આ બધા સંઘર્ષો વચ્ચે પણ તેઓ પોતાની આધ્યાત્મિક પરંપરાઓ ને ભારતીય આચારોને જાળવી શક્યા, તેમાં પૂ.ગરુદેવ અને પૂ.મા સર્વેશ્વરીનો ફાળો મહત્ત્વનો કહેવાય.

શ્રી સુરેશભાઇના સ્વર્ગવાસના પરિણામે તેમના પરિવાર અને ટોરેન્ટો ધ્યાન કેન્દ્રને મોટી ખોટ પડી. હવે તેમની અનુપસ્થિતિમાં શ્રી સુરેશભાઇની ભાવના પ્રમાણે કેન્દ્રને સંભાળી, તેનું સુસંચાલન કરી આગળ લઇ જવાની જવાબદારી એમના સાથી ભાઇબહેનોની છે. પ્રભુ તેમને તે માટે શક્તિ આપે એવી પ્રાર્થના છે.

અધ્યાત્મ માસિકને તેમણે શરૂથી જ જે આર્થિક સહયોગ ધરી. મદદ કરી ને પછી પણ કરતા રહ્યાં તે અવિસ્મરણીય છે. તેવું જ સરસ તેમનું પ્રદાન સ્વર્ગારોહણની કુટિયાના સર્જનનું છે. જે તેમને શ્રી યોગેશ્વર પરિવારના સાધકોના દિલમાં સદાય જીવંત રાખશે. હે મા—પ્રભુ, તમારા આ બાળકને સર્વોત્તમ ગતિ આપજો—એજ પ્રાર્થના.



# પૂ.શ્રીમાની સંનિધિએ— પ્રગટાવ્યું નવલું પ્રભાત

—ડો. બી.જે. જાગાણી

સ્વર્ગારોહણતીર્થ છે, એના સર્જક, સંવર્ધક, પાલક, પોષક ને સંરક્ષક પૂ.શ્રીમાની સંનિધિ છે ને નૂતનવર્ષના પ્રારંભનો પ્રથમ દિવસ છે. ભારતીય સંસ્કૃતિના આ અનેરા દિવસનું મહત્ત્વ કંઇ ઓછું નથી.

અહીં તો આજે સૌ ભક્તોના મનમાં આનંદ, ઉલ્લાસ, ભક્તિ, પ્રસન્નતા છલકી રહ્યાં છે. સૌ વહેલાં વહેલાં ઊઠી ગયા છે. નવાં નવાં સુંદર સુંદર વસ્ત્રો પહેરીને પોતાના જીવનને પણ મા—પ્રભુના પ્રેમ ને આશીર્વાદથી સજાવી રહ્યા છે. જીવન એક મહોત્સવ છે, જીવન એક સરિતા છે, જીવન એક બગીચો છે એને સુંગધિત, સલિલવંતુ ને રસાળ બનાવવા સૌ મા—પ્રભુની સંનિધિમાં પ્રયાસ—સાધના કરી રહ્યા છે.

વહેલી સવારે, ૭:૧૧:૧૦ના પ્રભાતે ૫:૩૦ કલાકે સુંદર મજાના હોલમાં ભક્તોની વચ્ચે પૂ.શ્રીમા પધારે છે. હા! આ પ્રણામની બેઠક છે, ભક્તોને દર્શન ને આશીર્વાદ આપવાની બેઠક છે, જીવન સજાવવાની બેઠક છે. સૂરીલા કંઠે ભક્ત બહેનો પદ ગવાય છેઃ—

શત શત કોટિ વંદન ચરણે,<br>
અનુગ્રહે ભારી કહ્યો ન જાય (૨)<br>
આરતી સદગુરુની કરીએ<br>
નમીએ પાય (૨)

શાંતિ સાગર સ્નેહ સરોવર
નિર્મળ દૃષ્ટિ મંગલરૂપ મંગલરૂપ
તેજ અનોખું અનુગ્રહ ભારી કહ્યો ન જાય (૨)
મીઠી વાણી ભરે મન ગંગા
સૂણી સૂણી ભ્રમણા ભાંગે (૨)
ભક્તન કાજે પૂરણરૂપા
અનુગ્રહ ભારી કહ્યો ન જાય (૨)

આ પદ પૂ.શ્રીમાએ રચ્યું છે. પૂ.શ્રીમાના હૃદયમાં ને સમગ્ર જીવનમાં પૂ.શ્રી સિવાય, એની શરણાગતિ સિવાય કશું જ નથી. જીવનની દરેક ક્ષણ પૂ.શ્રી માટે જ પસાર થાય છે. હૃદયમાં વહેતો અસ્ખલિત ભાવ પણ આવા પદનું રૂપ ધારણ કરીને ભક્તોના મંગલ માટે સહજ રીતે સરી પડે છે.

પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે. ''નૂતન વર્ષના પ્રણામ શ્રી અરુણાબહેનના કંઠે શ્રવણ કરતાં કરતાં આપણે સૌ કરીશું.''

શ્રી લક્ષ્મેશભાઇ જોશીએ પૂ.શ્રી માટે ૧૦૮ પ્રણામ સંસ્કૃતમાં રચ્યા છે. આ પ્રણામ પૂ.શ્રીમાએ ગુજરાતીમાં વર્ષો અગાઉ રચેલા ને એ પ્રણામનું શ્રવણ કરતા કરતા ભક્તોએ પ્રણામ કરેલા. આજે સંસ્કૃતમાં ભાષાંતરવાળા પ્રણામનું શ્રવણ કરવાનું થયું.

પૂ.શ્રીની અમૃતવાણી–સમંદરને પેલેપાર ડી.વી.ડી. દ્વારા પૂ.શ્રીના દર્શન સાથે સૌને સાંભળવા મળે છે. સાર આ રહ્યો.

★ વિક્રમ સંવતના પ્રારંભે સૌને પ્રેમપૂર્વક અભિનંદન કહીએ છીએ. દિલમાં, જીવનમાં, પ્રેમ, ક્ષમા, ધ્યાનના, દીવા કરવાના છે. સમાજ જીવન પ્રેમમય, ઉદાત્ત, સેવાથી સંપન્ન બને.

★ હૃદયમાં જ્ઞાન, તપ, ભક્તિ, પ્રેમના, દીપકો કરીશું.



સમાજને ઉપયોગી થવાની પ્રવૃત્તિ કરીશું. વ્યસનો, કુટેવો છોડીશું. નવા નવા નિયમો લઈએ.

★ આદર્શ જીવન બનાવીએ. અવિદ્યારૂપી અંધકારની નિવૃત્તિ માટે પ્રજ્ઞાના દીવા પ્રગટાવીએ. એ સંદેશો આપવા જ આવ્યા છીએ.

★ માનવ જીવનને સમજીએ. પળે પળનો ઉપયોગ કરીએ. બીજાને મુક્ત કરીએ.

આ અમૃતવાણી આખા વર્ષનું, અરે! આખા જીવનનું ભાથું બની જાય તેવું છે. સૌ યથાશક્તિ એ વાણીને ધારણ કરી રહ્યા છે.

પ્રભાતે સ્વર્ગારોહણના દ્વારે કઠિયારાઓ માટે રોજ સત્કર્મ તો હોય જ. શ્રી શારદામાસી–શ્રી રમેશભાઇ તરફથી સત્કર્મ માટે દાન અપાય છે.

પ્રથમ બેઠકના અંતે પૂ.શ્રીમા શ્રી લક્ષ્મેશભાઇ જોશીનો આભાર માનવાનો વ્યવહાર પણ વિશિષ્ટ રીતે કરે છે, કરાવે છે. સ્લેટ પર લખે છે. ''૧૦૮ પૂ.શ્રીના નામ છે. તે શ્રીલક્ષ્મેશભાઇ જોશીની કલમે પ્રસાદરૂપે પ્રાપ્ત થયાં છે. તેમના પ્રસાદ સામે આપણે સૌ માનસિક વંદન કરીને આજની બેઠક પૂર્ણ કરીશું.'' જ્યાં જ્યાં વિશેષતા ત્યાં ત્યાં પૂ.શ્રીમા આવી રીતે વંદન–Thank you કહીને ઋણ મુક્ત થવાની આદર્શ રીત શીખવે છે. પોતે પણ એ જ રીતે વ્યવહાર કરે છે.

હવે સરસ મજાનો પ્રસંગ બને છે. પૂ.શ્રીમાનો નવો નિવાસ બધા ભક્તોએ જોયો નથી, કહો કે દર્શન કર્યા નથી. માનો નિવાસ કેવો હશે, વસ્તુઓ કેવી હશે, પ્રણામ ક્યાં કરતા હશે, રસોડું કેવું હશે, આ બધું પોતાનાં ઇષ્ટ, ભગવાન માટે ભક્તને

કુતૂહલ હોય છે. મા પણ ખૂલ્લાં છે. સૌને નવા નિવાસ પર દર્શન આપે છે, નવા વરસે રૂ–૧૦/ની લક્ષ્મીજીનો પ્રસાદ, મંત્ર જપ માટે એક માળા ને સાકર, કાજુનો પ્રસાદ મળે છે. આ બધું પૂ.શ્રીમાના વરદ હસ્તે જ મળે છે. નૂતન વર્ષે, નૂતન માળા, નૂતન લક્ષ્મીજી ને નૂતન દર્શન. સર્વ કાંઇ નૂતન. જાણે નૂતનનો મહાયજ્ઞ.

બહેનો તો પોતાના હૃદયમાં ભાવ સાચવી જ શક્યાં નહીં. સહજ રીતે ગરબા સ્વરૂપે ભક્તિનું રૂપ ધારણ કરીને સ્વર્ગારોહણની પગદંડી પર વહેવા લાગ્યો. પૂ.શ્રીમા નિવાસ સ્થાને સૌને પ્રસાદ આપે છે. નીચે ગરબા ગવાય છે. ક્યારેય એવું સાંભળ્યું, જોયું નથી કે નૂતનવર્ષના પ્રારંભે મુક્ત મને, ભક્તોના ભગવાનની પ્રસન્નતા માટે, સર્વબંધનોથી પર ગરબા ગવાયા હોય. જે ક્યાંય ન બને તે અહીં બને. એ જ પૂ.શ્રીમાનીને સ્વર્ગારોહણની વિશેષતા છે. આ દૃશ્ય અનેરું, અદકેરું ને શ્રી કૃષ્ણની રાસલીલાને ધરતી પર નવી આવૃત્તિ સ્વરૂપે દર્શાવનારું બની ગયું. વૃદ્ધો, બાળકો, યુવાનો સૌ આ ભક્તિરસમાં સામેલ થઇ ગયા. પૂ.શ્રીમા નિવાસસ્થાનેથી દર્શન આપે છે ને ભક્તો ગરબે ધૂમે છે.કહો કે પૂ.શ્રીમાના શ્રી ચરણે ગરબાના માધ્યમથી જીવન ધરે છે. નવ સંસ્કરણ પામે છે. પોતાના આનંદનું વર્ણન કહી શકાતું નથી એવું સૌ અનુભવે છે.

નવ વાગ્યે બીજી બેઠક શરૂ થાય છે. પૂ.શ્રીમા શ્રી નારાયણભાઇ જાનીને નૂતન વર્ષના, આશીર્વાદ આપવા કહે છે. આ રહ્યો એ પ્રવચનનો સાર.

★ પૂ.શ્રીમાની સંનિધિમાં સૌને અહીં મુક્તતા મળે છે. પૂ.માના આશીર્વાદનું આ પરિણામ છે.



★ મા–પ્રભુ મારી સાથે હંમેશા છે એમ માનો. પૂ.શ્રીમાની આરોગ્યની જાગૃતિ, સાધના પ્રત્યે તત્પરતા, પ્રેમ, ત્યાગ, ભક્તિ, નિખાલસતા અહીં ખુલ્લી આંખે જોવા મળે છે.

★ ભગવાને આપણને શરીરરૂપી પાસપોર્ટ આપ્યો છે. સો ટકા આધ્યાત્મિક જીવન શક્ય નથી. સંસાર સાથે સંબંધ રાખવો પડે છે. આત્મભાવમાં રહ્યા હોઇએ તો બપોરે ૧૨વાગ્યે ભૂખ તો લાગે. તમે સંસારમાં રહો પણ મન સંસારમાં ન રાખો. પ્રભુમાં રાખો.

★ સંબંધો એવી રીતે રાખીએ કે તે સંબંધ સંસારમાં ન ખેંચે ગુસ્સે ન થાઓ. પ્રેમ રાખો. જતું કરતા શીખો.

★ શાંતિ ને સુખ સંપત્તિમાં નથી. પ્રમાદ છોડી દો. વહેલા ઊઠો. સંસાર જાગે તે પહેલાં ભજી લો.

★ હે મા! સર્વના જીવનમાં આધ્યાત્મિક ઉઘાડ થાય. પ્રભુના દ્વાર સુધી સૌ પહેંચે એવા આશીર્વાદ આપી દો.

૯૨ વર્ષની ઉંમરે યુવાનોને શરમાવે તેવી સ્વસ્થતા ને સ્મૃતિ વાળા શ્રી નારાયણભાઇ જાનીએ ખૂબ સરસ શીખ ધરીને આશીર્વાદ આપ્યાં. (ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# Youth Speeches

**–Precy Ben**

I heve had many wonderful occasions with MAA. I met MAA when I was very young, 3–5 years old; so, I have known her for over 25 years! She has had a profound impact on my life and the lives of the other children that grew up around her. One of the biggest changes MAA made in my life was at the age of 6 when she turned me into a vegetarain. She taught me to respect animals, the value of life, and changed my lifestyle. I have still carried these lessons with me today–still a vegetarian and still have that same respect for animals. Growing up with MAA we had many great occasions–we would go on yatras, do garba all the time–she always brightened up our world. She made us happy by showering us with candy. We felt loved. She also showered us with blessings that have gotten all of us so far in life.

Growing up I found that MAA is very big on charities; and, she really makes a difference in



the world. When I was in university in 2001, there was a huge earthquake in india that was a 7.9 on the Richter scale. It devastated most of Gujarat and other areas. There were thousands injured and thousands found dead. I decided to do some fund raising of my own at my university. We had a penny drive in my dorm, an auction, a bake sale, and even raised money from professors. We had raised $1000, but I wasn't sure how to donate that money. I didn't know that MAA was on site doing a lot of the relief work. I didn't want it to go through the Red Cross because I Knew a lot of that money would be taken in through administrative funds. When I heard MAA was onsite-rebuilding schools and helping all the children there–making a profound impact, I decided to give her that money. I am so happy that she has made a huge difference there.

More recently, that impression of doing charity work has really stuck with me from MAA. Now I run for a cause. I've ran over 7 half–marathons(21km each) and numerous 10km races. I am working my way up to run a full

marathon. When I was in India visiting MAA, she gave me blessings to run 100km one day. I have run for cancer, leukemia, lymphoma, sick kids, and many different hospital through out Canada and the U.S. This is my way of giving back. MAA has taught me not to pray, but to be a good person, make a difference in the world, and to really have an impact on lives. Action is really more than anything. It's great to pray–it's great to get the insights and blessings; but, then do something with that. Make a difference. Change somebody's life. This is what I've learned from MAA and continue to learn, grow, and develop with her blessings.

Very recently, Ashok Uncle(my kaka) was in india. He is a huge believer in the saints of a small town called Manjusar. There are three saints(Dajiram Maharaj, Mukutram Maharaj, Girijiashankar Maharaj). They were wonderful saints not only when they were alive, but they are my ancestors. My kaka, who is the head of the family, he decided to fix the vaadi area in my ancestors. This is the burial grounds of those saint, and it is a very holy place for us.



MAA has contributed many donations; and she has given us her amazing contacts near the rebulding of whole Samadhi area. Without MAA's blessings, efforts, contacts near the rebuilding of whole Samadhi area. The construction of the Samadhi site would not have come as it has today. From our family and satsang of the Samadhi site would not have come as far as it has today. From our family and satsang group, we are so happy to have MAA help us intiate this great project. It will be a site that will impact other people, and the restored site will be a great place. It is truly magical, historical, and holy for us. Thank You MAA for your blessings. Jai Krupalu MAA. Jai Gurudev.

**Dolly Ben**

Jai Krupalu MAA. I have been blessed with MAA's presence since I was very young. I was six when we moved to Toronto. When we were younger we learned a lot of good things from MAA. Things like: be a good person, respect other people, always try and do the thing and be positive.

Over the year there has been a little more distance between me and MAA. One of the things truly respect about MAA is that she is a true mother. She does not forget her children, ever. Evern if she's in india, New Jersey, New Zealand, or wherever, she remembers the 4 of us. It makes me very happy that I don't always have to be in front of MAA for her to remember me. Just how I always remember her. She has changed my life. I carry her with me where ever I go. She's in my car, my home, and my heart.

When I was young, about 10 or 11, made a little mandir of MAA and Prabhu. When I got married and left home, my mom gave the mandir to me. It has now been in 4 other homes with me beause I have moved this many times. The mandir has been the first thing that I take with me to every home.

Thank you MAA for changing my life, and I feel that beause of you I am a better person. I've also brought you into the life of Danny. Beause of the great family that I've married into, they too love and respect MAA. Jai Krupalu MAA.



# કઠ ઉપનિષદ

—યોગેશ્વરજી

## (૧)

### નચિકેતાની વાત

કઠ ઉપનિષદની ખ્યાતિ તેની સરળતા, પ્રાસાદિકતા ને તેમાં પીરસેલી જ્ઞાનની સામગ્રીને લીધે ઘણી વધારે છે. આત્મજ્ઞાનની અભિવ્યક્તિ તેમાં બહુ આકર્ષક ને ઉત્તમ રીતે કરવામાં આવી છે. શરૂઆતમાં એક નાનીસરખી વાત શરૂ થાય છે.

અરુણ નામે એક મહર્ષિ હતા. તે અન્નદાન આપવામાં ખૂબ રસ લેતા હતા. તેમને ઉદ્દાલક નામે પુત્ર હતો. ઠેઠ ઉપનિષદ—કાળનું અવલોકન કરતાં આપણને સમજાય છે કે મોટા ભાગના ઋષિઓ ગૃહસ્થાશ્રમી હતા. પરિણીત જીવનને ને સ્ત્રીને તત્ત્વજ્ઞાન કે પરમાત્માની પ્રાપ્તિમાં અંતરાયરૂપ માનવાની પ્રથા તે વખતે પ્રચલિત ન હતી. સ્ત્રીનો સાથ સાધનામાં મહત્ત્વનો મનાતો ને સ્ત્રી બધી રીતે મદદરૂપ પણ થતી. સ્ત્રીની અંદર શક્તિનું દર્શન કરીને તેના સહકારથી જીવન ને જગતને વધારે મધુમય ને મંગલ બનાવવાનું ધ્યેય તે વખતે દરેકની નજર સામે રહેતું. ભારતીય સંસ્કૃતિને સાધનાની આ એક નોંધપાત્ર વિશેષતા હતી. તેની તરફ અંગુલિનિર્દેશ કરીને કથા આગળ ચાલે છે કે અરુણ ઋષિના પુત્ર ઉદ્દાલકે એક વખત વિશ્વજિત નામે યજ્ઞ કરવાની ઈચ્છા કરી. પોતાની ભાવના પ્રમાણે યજ્ઞ પૂરો કર્યા પછી બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે તેમણે ગાયો મંગાવી. પરંતુ ગાયો તદ્દન ખરાબ હતી. યુવાવસ્થામાં તે ગાયો ઘાસ ખાઈને પાણી પીને વનમાં વિહાર કરતી ને ઉત્તમ પ્રકારનું દૂધ આપતી; પરંતુ અત્યારે તે વૃદ્ધ થઈ હતી, નિર્બળ હતી, ને

કેટલીક તો બેડોળ પણ બની ગઇ હતી. ઋષિનું આવું દાન પાસે ઊભેલા તેમના નાના બાળક નચિકેતાને જરા પણ ન ગમ્યું. તેથી તેણે વિરોધ કરવાનો વિચાર કર્યો.

નચિકેતાએ કહ્યું: 'પિતાજી, દાન આપવાની સામગ્રી તો ઉત્તમ જોઇએ. સારામાં સારી ને પ્રિયમાં પ્રિય વસ્તુનું દાન આપવાનું સારું કહેવાય છે. તમે તો કનિષ્ઠ વસ્તુનું દાન દેવા તૈયાર થયા છો. તમારી પ્રિયમાં પ્રિય વસ્તુ તો હું છું. તો મને તમે કોને આપવાનો વિચાર કર્યો છે?'

નચિકેતાની ઉંમર ઘણી નાની હતી પરંતુ બુદ્ધિ મોટી. મોટા શરીરમાં નાનાં મગજ તેમ નાના શરીરમાં મોટાં મગજ પણ વસતાં હોય છે. નાની ઉંમરના નચિકેતાની વાણીમાં વિવેક અથવા ડહાપણનો રણકાર હતો. પરંતુ તેના પિતાને તે ન ગમ્યો. તેના પિતાની ઉંમર મોટી પણ દૃષ્ટિ ટૂંકી હતી. તે નચિકેતાની શીખામણ સહન ન કરી શક્યા. મોટા માણસોની દશા મોટે ભાગે આવી જ હોય છે. બુદ્ધિનો ઈજારો જાણે તેમણે જ રાખ્યો હોય તેવી તેમની માન્યતા હોય છે. એટલે બહાર બીજેથી નવી ને વધારે સારી હવા આવતી હોય તો પણ તે ગ્રહણ કરી શકતા નથી. પોતાના મનના મકાનમાં બારીબારણાં બંધ કરીને તે બેસી જાય છે. બાળકના શબ્દો સાંભળીને ઋષિ પણ આવેશમાં આવી ગયા ને બોલી ઊઠ્યા કે જા, તેને મૃત્યુને આપું છું.

પરંતુ નચિકેતા એમ ક્યાં પાછો પડે તેવો હતો! પિતાનાં વચન સાંભળીને તે તરત યમલોકમાં પહોંચી ગયો ને મૃત્યુના સ્વામી યમદેવતાને મળવાની પ્રતીક્ષા કરવા લાગ્યો. યમદેવતા તે વખતે ઘરમાં ન હતા તેથી તેને ત્રણ દિવસ ભૂખ્યા ને તરસ્યા બેસી રહેવું પડ્યું.



ઉપનિષદની આ વાત પરથી આપણને સહેજે પ્રશ્ન થાય છે કે નચિકેતા યમલોકમાં કેવી રીતે ગયો, અથવા પહેલાંના લોકોમાં જુદા જુદા લોકમાં ઇચ્છાનુસાર જવાની શક્તિ હતી કે કેમ? નચિકેતાની ને પુરાણોની બીજી કેટલીક વાર્તા પરથી તો આપણે એમ જ માનવું પડે કે પહેલાંના વખતમાં કેટલાક લોકો ઇચ્છાનુસાર અન્ય લોકમાં જઇ શકતા.

(૨)

## નચિકેતાનાં વરદાન

ત્રણ દિવસ પછી યમદેવતા ઘેર આવ્યા ને તેમણે જાણ્યું કે પોતાને ત્યાં એક નાનોસરખો બ્રાહ્મણનો બાળક ત્રણ દિવસથી અન્નજળનો ત્યાગ કરીને ઊભો રહ્યો છે ત્યારે તેમને અપાર દુઃખ થયું. તેમણે તરત કહ્યું: 'નચિકેતા, તું ત્રણ દિવસ સુધી ભૂખેતરસે ઊભો રહ્યો છે માટે મારી પાસેથી ત્રણ વરદાન લઇ લે. તું મારી પાસેથી વરદાન લેશે ને એ રીતે મને તારા જેવા પવિત્ર બાળકની સેવા કરવાની તક મળશે ત્યારે જ મને શાંતિ થશે.'

યમદેવના એ શબ્દોમાં ભારતીય સંસ્કૃતિની અતિથિને દેવ માનીને સત્કારવાની ભાવના ઊછળી રહી છે. અતિથિ પોતાને ત્યાંથી ખાલી હાથે પાછો ફરે અથવા પોતાને ઘેર સત્કાર પામ્યા વિના એમ ને એમ ઊભો રહે તે વસ્તુ ભારતના પ્રજાજનને માટે ભારે દુઃખદ મનાતી. યમદેવતા પણ એ જ મહાન પરિપાટીનું પાલન કરતા હોય તેમ દેખાય છે. ભારતવર્ષના એક નાના છતાં ઉત્તમ કોટિના બાળકને સત્કારતાં તેમણે જે શબ્દોનો ઉપયોગ કર્યો છે તે ભારે સૂચક છે.

ને નચિકેતાની સાચી લાયકાતનો પરિચય આપણને હવે મળે છે. નચિકેતા પ્રથમ વરદાનમાં જે માગણી કરે છે તે જાણીને

આપણું મન પ્રેમ ને સન્માનના ભાવથી નમી પડે છે. તે કહે છે : 'હું તમારે ત્યાં આવવા નીકળ્યો ત્યારે મારા પિતા ક્રોધે ભરાયેલા ને બેચેન હતા. તમે મારા પર પ્રસન્ન થયા હો તો એવું કરો કે તે તદ્દન શાંત થઈ જાય ને હું ઘેર જાઉં ત્યારે મારો ખૂબ સ્નેહથી સત્કાર કરે. હે યમદેવ, પ્રથમ વરદાનમાં હું તમારી પાસે આ જ વસ્તુની માગણી કરું છું.'

નચિકેતાની એ માગણીમાં તેનો સંસ્કારી ને વિવેકી આત્મા પ્રકટ થઈ રહ્યો હતો, તેથી યમદેવતા પણ તે જાણીને આનંદ પામ્યા. તેમને આનંદ કેમ ન થાય? માણસો મોટે ભાગે બીજાનું અહિત કરવામાંઆનંદ માનતા હોય તો તેનું વેર વાળવા તેવા માણસો સદાય તૈયાર રહે છે. બીજાના અપરાધની ક્ષમા આપનારા ને બૂરું કરનારાનું પણ સારું તાકનારા માણસો આ સંસારમાં બહુ થોડા મળી આવે છે. તેમને મળવાનો અવસર આવે ત્યારે આપણને આનંદ થાય છે. નચિકેતાને મળીને પણ યમદેવને ઘણો આનંદ થાય છે. નાના બાળકમાં આવું વિશાળ ને નિર્મળ હૃદય જોઈને તેમનું હૈયું ખરેખર નાચી ઊઠ્યું.

યમદેવે આપેલા બીજા વરદાનના બદલામાં નચિકેતાએ કહ્યું: 'દેવ, સ્વર્ગલોક વિશે ઘણીઘણી વાતો સંભળાય છે. ત્યાં રહેનારાજીવોને ભય, વ્યાધિ, ભૂખ, તરસ, ઘડપણ કશાની અસર નથી થતી. ત્યાં રાતદિવસ સુખશાંતિ ને આનંદ હોય છે. તો તે લોકની પ્રાપ્તિ કેવી રીતે થાય અથવા તે લોકમાં કેવી રીતે જવાય તે વિશેની માહિતી મેળવવાની મારી ઈચ્છા છે. તે માહિતી તમે પૂરી પાડો.'

નચિકેતાની એ જિજ્ઞાસાના ઉત્તરમાં યમદેવે તેને એક વિશેષ પ્રકારના યજ્ઞનું વિધાન બતાવ્યું. તે યજ્ઞમાં કેટલી ને કેવી ઈંટો વાપરવી ને કેવી વિધિ કરવી તે પણ સમજાવ્યું. ઉપનિષદમાં



તેની માહિતી આપણને વિસ્તારથી નથી મળતી નહીં તો સ્વર્ગલોકની સફર કરવા માગતા મુસાફરો તેનો લાભ લઈ શકત. નચિકેતાની જિજ્ઞાસાથી પ્રસન્ન થઈને યમદેવે તે યજ્ઞનું નામ નચિકેતાના નામ સાથે જોડી દીધું. તેમ એક સુંદર માળાની પણ ભેટ આપી.

## (૩)
## ત્રીજું વરદાન

હવે ત્રીજા ને સૌથી મહત્ત્વના વરદાન વાત આવી. એ વરદાન ને તેના પરની ચર્ચાવિચારણા જ આ ઉપનિષદનો પ્રાણ કે સાર છે. વિદ્વાનો ને રસિકોમાં તેથી જ આ ઉપનિષદ અગત્યનું મનાય છે. યમદેવના ત્રીજા વરદાનની માગણી કરતાં નચિકેતા શાંતિપૂર્વક પૂછે છે કે 'હે દેવ! મૃત્યુ વિશે વધારે ઊંડાણથી માહિતી મેળવવાની મને ઈચ્છા છે. મૃત્યુ પછી જીવનું શું થાય છે? કોઈ કહે છે કે મૃત્યુ પછી જીવ નથી રેતો ને કોઈ કહે છે કે રહે છે. તો એ વિશે જે સાચું હોય તે જાણવાની મારી ઈચ્છા છે. વળી એવું જ્ઞાન આપો ને એવો માર્ગ બતાવો કે જેથી અમર બનાય અથવા મૃત્યુંજય થવાય. ત્રીજા વરદાનમાં હે દેવ, હું તમારી પાસે આ જ વસ્તુની માગણી કરું છું.'

નચિકેતા જેવા નાના બાળકને મોઢેથી આવી મોટી ને મહત્ત્વની વાત સાંભળીને યમને નવાઈ લાગી ને આનંદ પણ થયો. પરંતુ આ આખુંય વરદાન યમદેવતાના પોતાના ધંધા પર કાપ મૂકનારું હતું. મરણ અથવા અમર જીવનનું રહસ્ય યમદેવ નચિકેતાને બતાવી દે તરત અમર બની જાય. એટલે તે રહસ્યને તરત ખુલ્લું કરવાની તેમની ઈચ્છા ન હતી. તેથી તેમણે નચિકેતા પોતાનો આગ્રહ પડતો મૂકે તે સારુ તેને ડગાવવાના પ્રયાસ કરવા માંડ્યા.

યમદેવતાએ કહ્યુંઃ 'ભાઈ, તું જે વિષયની માહિતી મેળવવાની ઈચ્છા કરે છે તે વિષય ઘણો ગૂઢ છે. દેવોએ પણ તેને જાણવાની ઈચ્છા કરી છે. તે વિષયને સારી રીતે સમજાવનારા પુરુષો પણ સંસારમાં દુર્લભ છે. મારા જેવું તે વિષયનું રહસ્ય બીજું કોઈ જાણતું પણ નથી. હજી તારી ઉંમર ઘણી નાની ને વિષય ઘણો ગૂઢ છે. માટે તારો આગ્રહ છોડી દે ને કોઈ બીજું સારું વરદાન માગી લે.'

યમની વાત સાંભળીને નચિકેતાને જરા નવાઈ લાગી. તેણે કહ્યુંઃ 'દેવ, તમે કહો છો કે દેવો પણ આ વિષયને જાણવાની ઈચ્છા રાખે છે. તો તેનો અર્થ એ થયો કે આ વિષય ઘણો મહત્ત્વનો છે. વળી તમારાથી વધારે વિદ્વાન કે જાણકાર પણ બીજો કોઈ મળે તેમ નથી. તો પછી આવો સુભગ સંયોગ ફરી ક્યારે મળવાનો હતો? તમારા જેવા શ્રેષ્ઠ જ્ઞાતા ને મારા જેવા આતુર જિજ્ઞાસુ. માટે જ હું કહું છું કે મને ચલાયમાન કરવાનો જરાય પ્રયાસ કરવાને બદલે મારા પર કૃપા કરો ને જે માહિતીની મેં માગણી કરી છે તે માહિતી મને પૂરી પાડો.'


**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.




# संतुष्टो येन केन चित्

**નારાયણ હ.જાની**

અહીં રજુ કરેલી ઘટના ૧૯૮૬ના જાન્યુ.ની છે.

(ભગવાન કૃષ્ણે ગીતાના ૧૨મા અધ્યાયમાં ભક્તનાં જે લક્ષણો જણાવ્યાં છે, તેમાનું એક લક્ષણ છે જે મળે તેમાં સંતાપ, કિન્તુ વ્યાવહારિક જીવનમાં કોઈ પણ બાહ્ય દેખાવ સિવાય આવું આચરણ કરી, જીવનારા માણસો બહુ જ ઓછા જોવા મળે, તેઓનો ઈશ્વર પરનો ભરોસો પણ ગજબનાક. સાચી આધ્યાત્મિકતા પચાવ્યા સિવાય આવી નિષ્ઠા ના રહે. એવા માણસો મળે ત્યારે સહેજે એમને વંદવાનું મન થઈ જાય. અમારા આ મિત્ર પણ સાચે જ એવા વંદનીય વ્યક્તિ. આજે એ નથી પણ એમની પાવન સ્મૃતિ એવી જ છે.)

થોડા દિવસો પહેલાં એક પરિચિત બહેન મળ્યાં. મેં વાતચિત દરમ્યાન તેઓને મારા સ્નેહી આત્મીય એવા મિત્રના ખબર પૂછ્યાં. તેઓ એમના પડોશમાં રહે છે. તેઓએ જણાવ્યું કે તેમને તો ભારે માંદગી આવી ગયેલી. હવે ઠીક છે; પરંતુ ખાસ બહાર નીકળતા નથી.

આથી બે દિવસ પછી એક રાતે હું ને મારાં પત્ની તેઓની ખબર પૂછવા ગયાં. તેઓને હજી અશક્તિ જણાતી હતી. મેં તેઓને શું બિમારી થયેલી તે પૂછતાં, તેઓએ જણાવ્યું કે પંદર દિવસ ઉપર એક રાત્રે હું પેશાબ કરવા ઉઠ્યો તો મને જણાયું કે મારા એક નસ્કોરામાંથી થોડું લોહી નીકળે છે. મેં ગેન્ડીમાં જઈ નાક સાફ કર્યું; પરંતુ લોહી નીકળવાનું ચાલુ રહ્યું. થોડાથોડા અંતરે લોહીનાં ટીપાં પડતાં રહ્યાં. આથી મેં લુગડાનો એક ટુકડો લીધો ને મારાં નાક આગળના ભાગમાં રાખી હું સૂઈ ગયો.

'તે વખતે રાત્રે સાડાબારનો સમય થયેલો. મારાં પત્ની બાજુમાં જ પલંગ પર સૂતેલાં. પરંતુ તેમની તબીયત સારી ન હોવાથી, અને તેઓને તે વખતે ઊંઘ આવી ગઈ હોવાથી મેં ન જગાડ્યાં.'

'સૂતાં સૂતાં મેં જોયું કે લોહી પડતું જ હતું. મને થયું મગજની કોઇ નસ તૂટી લાગે છે; નહીં તો લોહી બંધ થઇ જવું જોઇએ. પ્રભુને પ્રાર્થના કરતાં કરતાં હું આડો પડી રહ્યો. વચ્ચે મને દોઢ બે કલાક ઊંઘ પણ આવી ગઇ. ફરી જાગ્યો તો લોહી પડવાનું ચાલું હતું. સવારે ચારેક વાગ્યાનો સમય થવા આવેલ. એટલે મેં મારા પત્નીને જગાડ્યાં. તેઓ તો મારા નાકમાંથી પડતા લોહીને જોઇને ગભરાઇ ગયાં. ગભરાઇ જાય એ સ્વાભાવિક પણ હતું. છતાં પ્રભુકૃપાથી હું સંપૂર્ણ સ્વસ્થ હતો. મેં બાજુમાં રહેતા દાક્તર શ્રી મહેતા સાહેબને ઉઠાડી બોલાવી લાવવા કહ્યું. તેઓ તુરત જ આવ્યા. એમણે મારી સ્થિતિ જોઇ. એની ગંભીરતા પણ સમજી ગયા. એમણે બીજા ચાર પાંચ ડોક્ટરોને બોલાવ્યા ને નિદાન થયું કે મગજની કોઇ નસનું હેમરેજ થયું છે. પરંતુ સારું છે કે લોહી બહાર નીકળે છે. બધાંએ સૂચવ્યા પ્રમાણે સારવાર શરૂ થઇ અને બાવીસ કલાકે લોહી બંધ થયું!'

મેં તેઓને પૂછ્યું, ''તમે તો ભણેલા ને અનુભવી માણસ છો. તમને આવું લોહી પડતું જોઇ ચિન્તા ન થઇ કે હવે મૃત્યુ નજીક છે.''

તેમણે હસતાં હસતાં કહ્યું, ''જાની ભાઇ, મરવાનું તો નિશ્ચિત છે. આપણે તૈયારી કરીને બેઠા છીએ. સવાલ ક્યારે જવાનું થાય છે, તેનો છે. તે થોડા દિવસો, મહિનામાં થાય કે વર્ષોમાં. એની મને કોઇ ચિન્તા નથી!''

મેં કહ્યું : પ્રભુએ તમને ઘણી માનસિક સ્વસ્થતા આપી છે. નહીં તો બીજો માણસ આ પરિસ્થિતિમાં કેવો ગભરાઇ જાય, પત્નીને જગાડી, દોડાદોડ કરાવી મૂકે, ત્યારે તમે તો કશું કર્યા વગર શાંતિ રાખી ને વચ્ચે ઊંઘી પણ લીધું, એ નવાઇ જેવું છે.

એમણે કહ્યુંઃ સાચી વાત એ છે કે મને પહેલેથી ઈશ્વરમાં ખૂબ શ્રદ્ધા. એનું મનથી નિત્ય સમરણ કર્યાં કરૂં એટલે મન એવું નિર્ભીક થઇ ગયું છે કે મરણની કોઇ ચિન્તા એને સતાવતી નથી. વળી આપણી ઉંમર પાકી થઇ છે એટલે કરવા જેવી વ્યવસ્થા બધી કરી દીધી છે. પછી ચિંતા શાની!



ઈશ્વરના સ્મરણ, ભજન ને મનનના પરિણામે કેવી નિર્ભીકતા માણસમાં આવી શકે છે, એનું પ્રત્યક્ષ ઉદાહરણ હું મારી સમક્ષ જોઇ રહ્યો હતો. મને અમારા એ મિત્ર પ્રત્યે ખૂબ માન ને આદર થયાં. જીવનમાં સાધન—ભજન કે જપ—તપ કરીને સમત્વની સ્થિતિ પ્રાપ્ત કરવાની છે, જેને માટે માણસો સંસાર ત્યાગ કરી, તપ, વ્રત ને ઉપવાસો કરે છે, જંગલના એકાંતમાં જઇ વસે છે. છતાં આવી સમતા નથી પામી શકતા, એવું આપણે જોઇએ છે. તો અહીં આ ભાઇ, જીવનભર સંસારમાં રહ્યા, પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કર્યું ને જીવનની હરઘટનામાં પ્રભુની મંગલતાનું દર્શન કરી સ્વસ્થતા જાળવી એ અદ્ભુત જેવી, નાનીસૂની નહીં, એવી સિદ્ધિ લેખાય.

પછી વાત નીકળતાં તેઓના પેન્શન વિશે પૂછ્યું. તેઓ ગુજરાત રાજ્યના નિવૃત્ત કાર્યપાલક ઈજનેર હતાં. જીવનમાં ખૂબ પ્રામાણિકતા જાળવી, તેઓએ નોકરી કરેલી. લાંચ રૂશ્વત ન આપવાના પરિણામે ખૂબ સહન કરેલું. પરંતુ પોતાની સિદ્ધાંત નિષ્ઠામાંથી સહેજ પણ ચલિત ન થયેલા.

પેન્શનમાં પણ તેઓને અન્યાય થયેલો એટલે તે ફરી નક્કી થતાં એના તફાવતની કેટલી રકમ મળી, એ વિષે મેં સહજભાવે પૂછ્યું, તો કહે રૂા. આઠ હજાર મળ્યા. મેં કહ્યું : ઘણા ઓછા કહેવાય. બીજાઓને ઘણા વધારે મળ્યા, તો તમોને કેમ ઓછા?'

તેઓએ સહજતાથી જણાવ્યું, 'જાનીભાઇ, હું એની ચિંતા કરતો નથી. ભાગ્યમાં જે લખાયેલું છે, તે મળવાનું છે જ, પછી ચિંતા શી? પછી ઉમેર્યું, જીવનમાં મેં અપ્રામાણિકતા આચરી હોત, તો સહેજે ૪૦ ૫૦ લાખ ભેગા કરી શક્યો હોત. પણ તે નથી કર્યું તેનો કોઇ રંજ પણ મનમાં નથી. તો પછી કદાચ થોડા હજાર રૂપિયા ઓછા મળ્યા, એની ચિંતા શી?'

એમની આવી પ્રામાણિકતા—ધન પ્રત્યેની નિર્મોહિતા ને ભાગ્ય ને ઈશ્વરમાંની અતૂટ શ્રદ્ધાને વંદી રહ્યો. મને થયું આજના ધનપ્રધાન યુગમાં પણ આવી વિરલ વ્યક્તિઓ વસે છે, એ જ પ્રભુની કૃપા કહેવાય. અમારા એ મિત્રનું નામ શ્રી અનંતભાઇ જાની.

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

કૃષ્ણે થોડાક સમય સુધી શાંત રહીને કહેવા માંડ્યુંઃ

'ઈન્દ્ર! હું જેના પર કૃપા કરવા ઈચ્છુ છું એને સર્વ પ્રકારે અહંકારરહિત કરી દઉં છું ને નિરુપાય બનાવું છું. તારું મંગલ હો! હવે આવી રીતે કદી પણ અહંકારથી ઉન્મત બનીને તારી શક્તિનો ઉપયોગ નિર્દોષોને રંજાડવા માટે ના કરતો. શક્તિ બીજાને ડરાવવા માટે ને દુરુપયોગ કરવા માટે નથી મળતી પણ બીજાને નિર્ભય કરવા, ઉત્સાહિત કરવા, બીજાની રક્ષા કરવા, અને સદુપયોગ કરવા માટે મળે છે. એનો જેટલો પણ સદુપયોગ કરવામાં આવે એટલો ઓછો છે. જેને જેટલો વિશેષ અધિકાર મળે છે તેટલી વિશેષ જવાબદારીનું ને મર્યાદાનું તેને પાલન કરવું પડે છે એ હકીકત નથી ભૂલવા જેવી.'

ઈન્દ્રની વિદાય પછી દેવર્ષિઓ, ગોપો તથા અન્યજનો કૃષ્ણને કહેવા લાગ્યાઃ

'તમારા અનુગ્રહથી જ અમને તમારા વાસ્તવિક મહિમાનું ભાન થયું છે. તમે અમારા પાલક તેમ જ તારક બન્યા છો. અમારા પ્રત્યક્ષ ઈન્દ્ર તમે જ છો. તમારી પૂજા ને પ્રશસ્તિ કરવી એ અમારું કર્તવ્ય છે.'

સૌએ કૃષ્ણનો આનંદપૂર્વક આદરસહિત અભિષેક કરીને એમને ગોવિંદ નામથી સંબોધ્યા.

એ વખતે ત્યાં દેવર્ષિ નારદ, તુમ્બુરુ તથા બીજા ઋષિગણ, ગંધર્વ, વિદ્યાધર, સિદ્ધો અને ચારણો અગાઉથી જ આવી પહોંચ્યા.



સૌ કૃષ્ણના અસાધારણ યશને ગાવા લાગ્યા.

અપ્સરાઓ આનંદિત અંતરે નૃત્ય કરવા લાગી.

વ્રજની સમસ્ત ભૂમિમાં જાણે પરમાનંદનું પૂર આવ્યું.

પ્રકૃતિ અવનવી બની ગઈ.

પૃથ્વીમાંથી અનેક પ્રકારની અલૌકિક ઔષધિઓ ઉત્પન્ન થઈ.

ચારે તરફ નવજીવનનો સંચાર કરતો, પવિત્ર સુંગધિત દૈવી વાયુ વાવા લાગ્યો.

ચરાચરે એક પ્રકારની ઊંડી ધન્યતા અનુભવી.

એ અદ્‌ભુત અભિષેકમાં ઈન્દ્રે પણ ભાગ લીધો.

રાધા તથા સુપ્રિયાને એથી અપાર આનંદ થયો.

એમનાં અંતર ઊછળવા લાગ્યાં.

સુપ્રિયાએ કૃષ્ણને કહ્યું પણ ખરુંઃ

'તારો અભિષેક તો થયો પરંતુ રાધાનો બાકી રહ્યો.'

'કોણે કહ્યું?'

'મેં. એ તો સર્વવિદિત છે.'

'ના. રાધાનો અભિષેક તો ક્યારનો થઈ ગયો છે. બહાર નહીં, મારા અંતરના અંતરતમમાં. એ અભિષેક અમર છે ને અમર રહેશે.'

'ને મારા અંતરમાં થયેલો તારો અભિષેક પણ એવો જ અમર રહેશે. એ અભિષેક અનુપમ છે.' રાધા સજલ નયને, રાગમય હૃદયે, બોલી ઊઠી.

સુપ્રિયાની આંખ પણ ભીની થઈ.

એ દિવસ ખરેખર મંગલ કે ધન્ય દિવસ થઈ પડ્યોઃ ઈન્દ્રને માટે, વ્રજની જનતાને માટે, કૃષ્ણને માટે, ને રાધા, સુપ્રિયા તથા

બીજાં બધાંને માટે.

સૌના જીવનમાં એ અવિસ્મરણીય બની રહ્યો.

**મહારાસ**

વૃંદાવનની સિદ્ધમુનિસેવિત પવિત્ર ભૂમિમાં એવી રીતે દિવસો પર દિવસો જુદીજુદી રસમય લીલામાં વીતવા લાગ્યા.

એ દિવસો દરમિયાન કૃષ્ણે કેટલીય લીલાઓ કરીને વૃંદાવનની એ મંગલમયી મહિમાવતી ભૂમિને વધારે મહિમાવતી કરી દીધી.

ગોપીઓને એમની વાંસળી ઘણી ગમતી.

વાંસળીના સુમધુર સ્વર સાંભળીને એ એમની આજુબાજુ બીજું બધું જ ભૂલીને એકઠી થતી.

કાત્યાયની દેવીની વ્રતોપાસના કરતી વ્રજની કુમારિકાઓ પ્રતિદિન યમુનાતટ પર પોતાનાં વસ્ત્રો ઉતારીને સ્નાન કરતી.

એક દિવસ એમનાં વસ્ત્રોનું હરણ કરીને કૃષ્ણે એમને જાહેર સ્થાનની મર્યાદા સાચવવાનો ને નગ્ન સ્નાન ના કરવાનો આદેશ આપ્યો.

કુમારિકાઓએ એ આદેશને માથે ચઢાવ્યો પછી શરદપૂર્ણિમાની એક રમણીય રસભરેલી રાતે કૃષ્ણે યમુનાના શાંત સુંદર તટ પરથી વાંસળી વગાડી.

એ વાંસળીના સુમધુર સ્વરને સાંભળીને ગોપીઓ મોહિત કે મંત્રમુગ્ધ બની ગઇ ને કાલિંદીના કિનારા પર કૃષ્ણની આસપાસ એકઠી થઇ.

એમનાં અંતર અસાધારણ આનંદરસથી ઊછળવા લાગ્યાં.

એમના ચિત્તની સમસ્ત વૃત્તિઓ ચંચળતાનો ત્યાગ કરીને



એક થઇ અને કૃષ્ણના સુધામય સ્વરૂપની આજુબાજુ રાસ રમવા લાગી.

રાધા તથા સુપ્રિયા પણ કૃષ્ણના અસાધારણ રસનું પાન કરીને કૃતાર્થ થઇ.

એ વખતે વાંસળી વગાડવાનું એકાએક બંધ કરીને કૃષ્ણે ગોપીઓને સંબોધીને પૂછ્યું:

'તમે તમારાં ઘરબહાર છોડીને આવી શાંત રાતને વખતે મારી પાસે શા માટે આવી છો?'

'અમે તારી પાસે ના આવીએ તો બીજું શું કરીએ?' સુપ્રિયાએ પ્રેમથી પૂછ્યું.

'કેમ?'

રાધાએ એનો ઉત્તર આપતાં કહ્યું:

'અમે અહીં આવીએ એમાં અમારો જરા પણ દોષ નથી. અમે અહીં ના આવીએ તો બીજું શું કરીએ? તેં પોતે જ બંસીના સુમધુર સ્વર છોડીને અમને એક રીતે આમંત્રણ આપ્યું અને હવે અમે અહીં શા માટે આવી એવું પૂછે છે?'

બધી ગોપીઓએ રાધાના ઉત્તરને હર્ષનાદથી વધાવી લીધો.

'વાહ રાધા, વાહ!'

'તેં બરાબર જવાબ આપ્યો.'

'આવો સરસ સુયોગ્ય જવાબ તારા વિના બીજું કોઇ ભાગ્યે જ આપી શકે.'

'તેં તો કૃષ્ણના મુખને જ બંધ કરી દીધું.'

**(ક્રમશઃ)**